સુવિચાર

સપનાઓને હકિકત બનાવવી છે
તો આળસ છોડો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




કાલાવડ રોડ અને રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં સવા ત્રણ લાખના વિદેશી દારૂ સાથે બે ઝબ્બે P-4

Year-16, Issue-295 ■ DATE : 30-03-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## યુદ્ધના પગલે ક્રૂડતેલનો ભાવ ૧૨૦ ડોલરને આંબ્યો

### સેન્સેકસમાં ૧૦૦૦ પોઈન્ટનો કડાકો થતા રોકાણકારોનું કરોડોનું ધોવાણ



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચે ભીષણ યુધ્ધ વધુને વધુ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે ત્યારે ક્રુડતેલમાં તેજીનો દોર સતત આગળ વધ્યો છે. આજે વિશ્વબજારમાં ક્રુડ તેલનો ભાવ ૧૨૦ ડોલરની નજીક પહોંચી ગયો હતો. ભારત સહિત વિશ્વભરના દેશો પર મોંઘવારી સહિતનો ખતરો વધતો રહેવાના એંધાણ વર્તાઇ રહ્યા છે.

યુધ્ધની અસરે ક્રુડતેલની સપ્લાય મોટા પ્રમાણમાં પ્રભાવિત થઇ છે. ઈરાને હોર્મુઝ ખાડીમાંથી જહાજોની અવર-જવર નિયંત્રીત કરી દીધી છે અને ક્રુડ ભરેલા જહાજો પસાર થવા દેવાતા નથી પરિણામે ભારત સહિતના દેશોમાં પેટ્રોલીયમ મોરચે ચિંતાભરી હાલત સર્જાઇ છે. સરકાર દ્વારા પણ તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

પરિણામે વિશ્વસ્તરે ક્રુડતેલના ભાવ સતત ઉછળી રહ્યા છે. વિશ્વ બજારમાં આજે ક્રુડતેલ ૧૨૦ ડોલરની નજીક પહોંચી ગયું હતું. બ્રેન્ટક્રુડ ૩ ટકાના ઉછાળાથી ૧૨૦ ડોલર થયું હતું અને ત્યારબાદ ૧૧૫.૩૩ ડોલર સાંપડ્યું હતું. ડબલ્યુટીઆઇ ક્રુડનો ભાવ પણ ૧૦૦ ડોલરને વટાવી ગયો હતો અને ૧૦૧.૨૯ ડોલર સાંપડ્યું હતું.

મુંબઇ શેરબજારનો સેન્સેક્સ ૧૦૩૩ પોઇન્ટના કડાકાથી ૭૨૫૫૦ સાંપડ્યો હતો જે ઉંચામાં ૭૩૧૬૫ તથા નીચામાં ૯૨૩૯૧ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નીફટી ૨૯૯ પોઈન્ટના ઘટાડાથી ૨૨૫૨૦ સાંપડ્યો હતો.

## ઈરાન પર જમીની આક્રમણ કરવા અમેરિકાના યુદ્ધ જહાજ ગલ્ફમાં

### મહત્વના હોર્મુઝ જળમાર્ગ તેમજ ખર્ગ ટાપુ પર ટ્રમ્પની નજર



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ઈરાન પરનું આક્રમણ બીજા માસમાં પ્રવેશ્યુ હોવા છ્તાં પણ હજુ નિર્ણાયક સ્થિતિ નહી બનતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ઈરાનમાં સેના ઉતારવાની યોજના ગમે તે ઘડીએ અમલી બનાવી શકે છે.

મહત્વનો હોર્મુઝ જળમાર્ગ ખોલવા માટેનું 'સાહસ' જોખમી હોવાથી ટ્રમ્પ હવે ઈરાનની આર્થિક-નસ જેમાં ખર્ગ ટાપુ જે ઈરાનના ક્રુડતેલના ૯૦% વ્યાપારનું કેન્દ્ર છે તેને કબ્જે લેવાની તૈયારી કરી રહ્યા છે.

ઈરાને પણ દાવો કર્યો છે કે અમેરિકા ડબલ ગેમ રમી રહ્યું છે તે વાટાઘાટની સાથે ભૂમી આક્રમણ પણ કરવા માંગ છે. ઈરાન પાસે ૧૫ મુદાઓ અમેરિકાએ રજુ કર્યા છે. તેમાં મોટાભાગના તેણે સ્વીકારી લીધા છે. ટ્રમ્પે એ પણ જણાવ્યું કે સૌથી મહત્વનું ઈરાનનું ઓઈલ લઈ લો તે છે પણ અમેરિકાએ કેટલાક સ્ટુપીડ તેનો વિરોધ કરે છે.

ટ્રમ્પે સ્વીકાર્યુ કે ઈરાનમાં સેના ઉતારવાનું જોખમી છે પણ તે કરવું પડશે. બીજી તરફ અમેરિકી નૌકાદળનુ યુદ્ધ જહાજ યુએસએસ ત્રિપોલી મધ્યપુર્વમા જોર્ડન પાસે પહોંચી ગયું છે અને તેમાં કુલ ૭૦૦૦થી વધુ અમેરિકી સૈનિકો હાલ ગલ્ફમાં મોજૂદ છે. ખુદ ટ્રમ્પ સ્વીકારે છે કે ઈરાન મોટો પડકાર બની ગયો છે તે ભૂમી યુદ્ધ જરૂર છે.

### ઈરાનમાં ગ્રાઉન્ડ ઓપરેશન માટે ઈઝરાયલ સેના ભાગ નહીં લે

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય તણાવ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ઈઝરાયલી મીડિયાના અહેવાલો અનુસાર, જો અમેરિકા ઈરાન વિરુદ્ધ જમીની સૈન્ય કાર્યવાહી(ગ્રાઉન્ડ ઓપરેશન) શરૂ કરે છે, તો ઈઝરાયલના સૈનિકો તેમાં સીધી રીતે ભાગ લેશે નહીં. ખાસ કરીને ઈઝરાયલના મીડિયા રિપોર્ટમાં સંકેત આપવામાં આવ્યો છે કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભલે ઈરાનમાં 'ગ્રાઉન્ડ બૂટિંગ' એટલે કે સૈનિકો ઉતારવાની તૈયારી કરી રહ્યા હોય, પરંતુ નેતન્યાહૂની સેના આ મિશનમાં અમેરિકાની સાથે જમીન પર ઉતરશે નહીં. આ રિપોર્ટ સ્પષ્ટ કરે છે કે આ જોખમી મિશનમાં અમેરિકાએ એકલા જ આગળ વધવું પડી શકે છે. નિષ્ણાતોના મતે, ઈઝરાયલનું આ વલણ વ્યૂહાત્મક કારણોસર હોઈ શકે છે. જો ઈઝરાયલ સીધું જ આ જમીની યુદ્ધમાં ઝંપલાવે, તો સમગ્ર મધ્ય પૂર્વ ક્ષેત્રમાં તણાવ અત્યંત ભયાનક થઈ શકે છે. આ ઉપરાંત, ઈઝરાયલ હાલમાં પોતાની આંતરિક સુરક્ષાના પડકારોનો સામનો કરી રહ્યું છે, તેથી તે ઈરાન જેવા મજબૂત દેશ સામેના મોટા યુદ્ધમાં સીધી રીતે સામેલ થવાનું ટાળી રહ્યું છે.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૪/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૩/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૪૮,૧૧૦ | ₹૨,૪૪,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૩.૭૩ | ₹૧૨૪.૩૭ |

## બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારનું વિધાન પરિષદમાંથી રાજીનામુ

### હવે રાજયસભાના સભ્ય પદે શપથ લેશે : મુખ્યમંત્રી માટે સમ્રાટ ચૌધરીનું નામ આગળ પણ જનતાદળ (યુ)માં વિરોધ



**મુખ્ય સમાચાર, પટણા**

બીહારમાં ૨૦ વર્ષથી વધુ સમય સુધી મુખ્યમંત્રી પદે રહેલા નીતીશકુમારની વિદાયનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. રાજયસભામાં ચૂંટાયેલા નીતિશકુમારે આજે રાજય વિધાનસભા પરિષતના સભ્યપદેથી રાજીનામુ આપી દીધુ છે અને હવે તેઓ મુખ્યમંત્રી પદેથી પણ રાજીનામુ આપીને તેમના સ્થાને નવા મુખ્યમંત્રીની પસંદગીનો માર્ગ નિશ્ચિત કરશે.

નીતિશકુમાર જો કે રાજયસભાના સભ્ય તરીકે હોવા છતા હજુ છ માસ સુધી મુખ્યમંત્રી પદે રહી શકે છે. પણ માનવામાં આવે છે કે તા.૧૪ એપ્રીલ તેઓ રાજયસભાના સભ્યપદે શપથ લઈને તે સાથે જ મુખ્યમંત્રી પદે પણ રાજીનામુ આપશે અને તે દરમ્યાન ભાજપ રાજયમાં નેતૃત્વ કરવા માટેની પક્ષના ચહેરા સહિતની પસંદગી કરી લેશે.

બીજી તરફ રાજયમાં મુખ્યમંત્રી પદે હાલના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીનું નામ સૌથી આગળ છે પરંતુ જે રીતે જનતાદળ યુમાં સમ્રાટ ચૌધરીનો વિરોધ છે જેથી ભાજપ અન્ય નામ પર પસંદગી કરી શકે છે. સમ્રાટ ચૌધરીની કામકાજની પધ્ધતિ સામે જનતાદળ યુમાં જબરો વિરોધ જોવા મળ્યો છે અને તેમાં ભાજપ કેટલુ મહત્વ આપે છે તેના પર નજર છે.

## રાજકોટ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

### સુરક્ષા એજન્સીઓ એલર્ટ, ડોગ-બોમ્બ સ્ક્વોડનું સર્ચ ઓપરેશન શરૂ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની કોર્ટ બિલ્ડિંગને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની નનામી ધમકી મળતા પોલીસ તંત્ર અને સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ છે. હાલમાં બોમ્બ અને ડોગ સ્ક્વોડ દ્વારા કોર્ટ પરિચરમાં તપાસ શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, રાજકોટ કોર્ટ સંકુલમાં બોમ્બ હોવા અંગેનો એક ધમકીભર્યો મેઈલ મળ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, કોર્ટ પરિસરમાં વિસ્ફોટક પ્લાન્ટ કરવામાં આવ્યા છે અને તેને ગમે ત્યારે ઉડાવી દેવામાં આવશે. આ સમાચાર વાયુવેગે ફેલાતા વકીલો, અસીલો અને કોર્ટ સ્ટાફમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ધમકી મળતાની સાથે જ રાજકોટ પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. સુરક્ષાના ભાગરૂપે સમગ્ર કોર્ટ બિલ્ડિંગને તાત્કાલિક ખાલી કરાવવ-ામાં આવી છે. બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા ખૂણેખૂણાની તપાસ કરવામાં આવી રહી છે. કોર્ટના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ સીલ કરી દેવામાં આવ્યા છે અને આવતા-જતા લોકોનું સઘન ચેકિંગ હાથ ધરાયું છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ધમકી કોણે અને કયા હેતુથી આપી છે. સાયબર ક્રાઈમની ટીમ પણ મેઈલના સોર્સને ટ્રેસ કરવા માટે સક્રિય થઈ છે.

## ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ભાજપે ઉમેદવારની કરી જાહેરાત, હર્ષદ પરમારને ટિકિટ આપી

ગુજરાતના રાજકારણમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આણંદ જિલ્લાની ખાલી પડેલી ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ પોતાના ઉમેદવારના નામની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. ભાજપે આ બેઠક પર પૂર્વ ધારાસભ્ય સ્વ. ગોવિંદ પરમારના પુત્ર હર્ષદ ગોવિંદભાઈ પરમારને ટિકિટ આપીને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારનું હાર્ટ એટેકના કારણે આકસ્મિક નિધન થયું હતું. તેમના નિધન બાદ આ બેઠક ખાલી પડી હતી. ભાજપ હાઈકમાન્ડે સહાનુભૂતિ અને સ્થાનિક સમીકરણોને ધ્યાને રાખીને ગોવિંદ પરમારના વારસાને આગળ ધપાવવા તેમના પુત્ર હર્ષદ પરમાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. મહત્ત્વનું છે કે, આણંદ જિલ્લાની આ બેઠક ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ માનવામાં આવે છે. વહીવટી તંત્ર દ્વારા પેટાચૂંટણીને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ટિકિટની જાહેરાત થતા જ ઉમરેઠ પંથકમાં કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## લિવ-ઈનમાં રહેતા યુગલોને પરિણીત ગણવામાં આવશે!

### વસ્તી ગણતરીના નવા નિયમથી આશ્ચર્ય



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આજના બદલાતા સમાજમાં, સંબંધોની વ્યાખ્યાઓ ઝડપથી બદલાઈ રહી છે. જે સંબંધો એક સમયે સામાજિક સ્વીકૃતિની ઝંખના કરતા હતા તે હવે સરકારી દસ્તાવેજોમાં પ્રવેશ કરી રહ્યા છે. ૨૦૨૭ ની વસ્તી ગણતરી સંબંધિત એક નવો જમ્પ આ પરિવર્તનની ઝલક આપે છે. જો લિવ-ઇન યુગલ પોતાને સ્થિર સંબંધ માં માને છે, તો તેમને પરિણીત ગણવામાં આવશે. આ નિર્ણય ફક્ત તકનીકી પરિવર્તન નથી, પણ બદલાતી સામાજિક વિચારસરણીનો સંકેત પણ છે. જોકે, આવા સંબંધોને લગ્ન વિનાના લગ્ન સાથે સરખાવવું યોગ્ય છે કે નહીં તે અંગે ચર્ચા વધુ તીવ્ર બની છે, અથવા આનાથી પરંપરાગત મૂલ્યો પર અસર પડશે કે નહીં.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, આ પગલાને એવા લોકો માટે રાહત તરીકે જોવામાં આવી રહ્યું છે જેઓ લાંબા સમયથી લિવ-ઈન રિલેશનશિપમાં રહે છે પરંતુ સામાજિક કે કાનૂની માન્યતાના અભાવે ઘણા વિશેષાધિકારોથી વંચિત હતા. સરકારનું આ વલણ સૂચવે છે કે તે હવે લોકોની વ્યક્તિગત પસંદગીઓ અને જીવનશૈલીને વધુ માન આપવા તરફ આગળ વધી રહ્યું છે. જો કે, સ્થિર સંબંધ ને શું વ્યાખ્યાયિત કરશે અને તેનો દુરુપયોગ કેવી રીતે અટકાવવામાં આવશે તે અંગે પણ પ્રશ્નો ઉભા થાય છે. આ જ કારણ છે કે આ નિર્ણય ચર્ચાનો મુખ્ય વિષય બની ગયો છે.

કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૭ ની વસ્તી ગણતરી અંગે એક મોટી સ્પષ્ટતા જારી કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અગાઉ, જો સાથે રહેતા અપરિણીત યુગલો પોતાને પરિણીત જાહેર કરતા હતા, તો તેના આધારે તેમની માહિ-તી નોંધવામાં આવતી હતી. વસ્તી ગણતરીના ઘર સૂચિ તબક્કામાં ઘરમાં રહેતા પરિણીત યુગલોની સંખ્યા અંગેનો પ્રશ્ન શામેલ છે. આ તબક્કો કુલ ૪૫ દિવસ ચાલશે. પહેલા ૧૫ દિવસ સ્વ-ગણતરીમાં ખર્ચવામાં આવશે, ત્યારબાદ ગણતરીકારો દ્વારા ૩૦ દિવસ પસાર કરવામાં આવશે. દિલ્હીના વિસ્તારમાં ૧ એપ્રિલથી સ્વ-ગણતરી શરૂ થશે, જ્યાં કોઈપણ જવાબદાર પુખ્ત વ્યક્તિ ઓટીપી દ્વારા લોગ ઈન કરી શકે છે અને તેમના ઘરના બધા સભ્યો વિશે માહિતી દાખલ કરી શકે છે.

૨૦૨૭ ની વસ્તી ગણતરી માટે વિકસાવવામાં આવેલ સ્વ-ગણતરી પોર્ટલ સ્પષ્ટ કરે છે કે જો કોઈ દંપતી પોતાને સ્થિર સંબંધમાં માને છે, તો તેમને પરિણીત ગણવામાં આવશે. મહત્વપૂર્ણ વાત એ છે કે, આ માટે કોઈ કાનૂની દસ્તાવેજો અથવા પુરાવાની જરૂર રહેશે નહીં. પૂરી પાડવામાં આવેલ કોઈપણ માહિતી વ્યક્તિના જ્ઞાન અને માન્યતા ના આધારે રેકોર્ડ કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયા ડિજિટલ હશે, અને લોકો પોર્ટલ પર તેમના પરિવારનો ડેટા જાતે દાખલ કરી શકશે.

## બોમ્બની ઈ-મેલથી ધમકી આપનાર બેકાર શખ્સ અંતે પકડાયો

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

કોર્ટ, સ્કુલ સહિત અન્ય સંસ્થાઓને બોમ્બની અધધધ ૧૫૦૦ જેટલી ધમકી આપનાર આરોપીને પોલીસે કર્ણાટકના મૈસુરથી પકડી પાડયો છે. આરોપીની ઓળખ ૪૭ વર્ષીય શ્રીનિવાસ લુઈસ તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીને પકડવા માટે લગભગ બે સપ્તાહથી ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પોલીસની ટીમે મૈસુરના વૃંદાવન લેઆઉટ સ્થિત તેના ઘરમાં દરોડો પાડીને તેની ધરપકડ કરી હતી. પોલીસને શંકા છે કે ભણતર અધુરું રહેવાથી અને નોકરી ન મળવાની હતાશામાં આરોપીએ અદાલતોને નિશાન બનાવી હતી.

તેણે છેલ્લા કેટલાક મહિનામાં દિલ્હી હાઈકોર્ટ સહિત રાજધાનીની અનેક અદાલતોને ધમકીભર્યા ઈ-મેલ મોકલ્યા હતા, આટલું જ નહીં આ માથા ફરેલ શખ્સે પાકિસ્તાનની સિંધ અને બલુચીસ્તાનની અદાલતોને પણ આવા બોમ્બની ધમકીભર્યા ઈ-મેલ મોકલ્યા હતા!

ધમકીભર્યા મેલનું કારણઃ રિપોર્ટ મુજબ તપાસમાં બહાર આવ્યું છે કે શ્રીનિવાસ લુઈસ લોનું ભણતર પુરું નહોતો કરી શકયો અને હાલમાં બેરોજગાર હતો. પોલીસને શંકા છે કે ભણતર અધુરું રહેવાથી અને નોકરી ન મળવાની હતાશામાં તેણે અદાલતોને નિશાન બનાવી હતી. જાણવા મળતી વિગત મુજબ તે કોર્ટની કાર્યવાહીમાં વિઘ્ન ઉભુ કરવા માંગતો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીએ છેલ્લા કેટળાક મહિનામાં દિલ્હી હાઈકોર્ટ સહિત રાજધાનીની અનેક જિલ્લા અદાલતોને ધમકીભર્યા ઈ-મેલ મોકલ્યા. આટલું જ નહીં. તેણે પાકિસ્તાન અને સિંધની અદાલતોને પણ આવા ધમકીભર્યા ઈ-મેલ મોકલ્યા હતા.

## ઉનાળુ વેકેશનના સમયમાં જ ડોમેસ્ટીક ફલાઈટમાં ૧૨ ટકાનો કાપ

### ગત વર્ષની સરખામણીએ આ વખતે ૩૦૦૦ ફ્લાઈટ ઓછી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્ય પૂર્વમાં યુધ્ધ ખતરનાક સ્તરે પહોંચી રહ્યું છે. વિમાની ઈંધણમાં ભાવવધારો છે તેવા સમયે ઉનાળુ વેકેશનના સમયમાં જ ડોમેસ્ટીક ફ્લાઈટમાં ૧૨ ટકાનો કાપ આવ્યો છે. દેશભરમાં ઉડ્ડયન ક્ષેત્રનું સમર શિડ્યુલ લાગૂ થઇ ગયું છે જેમાં ગત વર્ષની સરખામણીએ આ વખતે ૩૦૦૦ ફ્લાઈટ ઓછી છે.

સૂત્રોએ એમ કહ્યું કે ઇન્ડિગોએ રજુ કરેલા ફ્લાઈટના અંદાજમાં શંકા રાખીને આ કાપ મુકાયો છે. ઇન્ડિગોએ દર સપ્તાહે નવું વિમાન મળવાનું અનુમાન દર્શાવ્યું હતું. સરકારે નવા પ્લેન મળે તેમ-તેમ નવી ફ્લાઈટની દરખાસ્ત કરવાની સાથોસાથ પાયલોટોની સંખ્યા સહિતની વિગતો રજુ કરવા સુચવ્યું છે. ઉડ્ડયન વિભાગના સીનીયર અધિકારીએ કહ્યું કે ગત ડીસેમ્બરમાં ઉડ્ડયન ક્ષેત્રે સર્જાયેલી અંધાધૂંધીનું પુનરાવર્તન રોકવા માટે સરકાર સાવધ છે.

દેશની લગભગ તમામ એરલાઈન્સે ગત ઉનાળાની સરખામણીએ આ વખેત ફ્લાઈટની સંખ્યામાં કાપમ મુક્યો છે. એરલાઈન્સોના અતિશ્યોક્તિભર્યા દાવા મંજુર ન કરવા સરકારે વ્યૂહ અપનાવ્યો છે. નવા વિમાન મળતા જાય તેમ શિડ્યુલમાં ફેરફાર કરતા રહેવાની રણનીતિ છે.

ગત ઉનાળામાં ડીરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવીએશને અઠવાડિયાની ૨૫૬૧૦ ફ્લાઈટ મંજુર કરી હતી. આગલા વર્ષ કરતાં ૫.૫ ટકા વધી હતી. આ વખતે ૧૨ ટકાનો કાપ છે. સંખ્યાની દ્રષ્ટિએ ૩૦૦૦ ફ્લાઈટ ઓછી રહેશે. સરકારનું એવું પણ માનવું છે કે, વિમાની ઉંધણના ઉંચા ભાવને કારણે વિમાની ભાડા વધારાથી પણ ડીમાંડને ફટકો પડી શકે છે.

## આજે ગુજરાતના ૮ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

હવામાન વિભાગની આગાહી મુજબ, ૨૯ અને ૩૦ માર્ચ દરમિયાન ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ગાજવીજ, ભારે પવન (૩૦-૪૦ કિમી/કલાક) અને કમોસમી વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી, જેને લઈને આજે ૩૦ માર્ચ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદની શક્યતા જોવા મળશે. જે ૨ એપ્રિલ સુધી ચાલુ રહી શકે છે.

આજે ૩૦ માર્ચ ૮ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ અને કચ્છમાં યલો એલર્ટ સાથે છુટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. કમોસમી વરસાદ અને વાદળછાયા વાતાવરણને કારણે ગરમીમાં થોડી રાહત મળી શકે છે.



આ વરસાદી માહોલને લીધે તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે. મુખ્યત્વે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. કમોસમી વરસાદ માટે આગામી ૨૪થી ૪૮ કલાકમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કમોસમી વરસાદની શક્યતા છે. ૩૦થી ૪૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, તાપમાનમાં કરી એક વખત ઘટાડો નોંધાશે. નોર્થ ઈસ્ટ રાજસ્થાનથી ચક્રવતી સિસ્ટમ ગુજરાત તરફ આવી રહી છે. જેની અસરના કારણે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદ પડશે. તેમજ આજે ૩૦ માર્ચના થન્ડર સ્ટ્રોમ અને વરસાદની શક્યતા જોવામાં આવી રહી છે. તે બાદ ૨ અને ૩ એપ્રિલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે કમોસમી વરસાદ થશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# અદાણી ડિફેન્સે સેનાને ૨,૦૦૦ 'પ્રહાર' લાઈટ મશીનગનનો પ્રથમ બેચ આપ્યો



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગ્વાલિયર, ૨૮ માર્ચ (પીટીઆઈ) ભારતીય સેનાની ફાયરપાવરને પ્રોત્સાહન આપવા માટે, એક ડિફેન્સ મેજરએ શનિવારે 'મેક ઇન ઇન્ડિયા' પહેલ હેઠળ ઉત્પાદિત ૨,૦૦૦ 'પ્રહાર', લાઈટ મશીનગન (LMG) નો પ્રથમ બેચ પહોંચાડ્યો.

૭.૬૨ મીમી-કેલિબર હથિયારનું ઉત્પાદન અદાણી ડિફેન્સ અને એરોસ્પેસ દ્વારા ગ્વાલિયરની બહાર સ્થિત તેના સ્મોલ આર્મ્સ કોમ્પ્લેક્સમાં કરવામાં આવ્યું છે.

આર્મીને LMG સોંપવા માટે શનિવારે તેના પરિસરમાં એક સમારોહ યોજાયો હતો, જેમાં સંરક્ષણ મંત્રાલયના ડીજી એક્વિઝિશન એ અનબારાસુ, અદાણી ડિફેન્સ અને એરોસ્પેસના સીઈઓ આશિષ રાજવંશી અને ખાનગી કંપનીના અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. અનબારાસુએ બાદમાં સેના માટે LMGની પ્રથમ બેચ લઈ જતી ટ્રકોની શ્રેણીને લીલી ઝંડી આપી.

ફ્લેગ ઓફ કર્યા પછી પત્રકારો સાથે વાતચીત કરતા રાજવંશીએ કહ્યું, ''આજે શરૂ થયેલી સફરમાં અમને છ વર્ષ લાગ્યા છે, બોલી સબમિટ કરવાથી શરૂ કરીને, અને અમે તેને સમયપત્રક કરતાં ૧૧ મહિના વહેલા પહોંચાડી દીધા છે.''

''ગ્રાહક દ્વારા અમને આપવામાં આવેલી મૂળ સમયમર્યાદા સાત વર્ષથી વધુ હતી, પરંતુ હું તમને ખાતરી આપી શકું છું કે આગામી ત્રણ વર્ષમાં, સંપૂર્ણ ઓર્ડર પહોંચાડવામાં આવશે,'' તેમણે ઉમેર્યું.

કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે LMG માટે કુલ ઓર્ડર લગભગ ૪૦,૦૦૦ છે. અંબારાસુએ કાર્યક્રમમાં પોતાના સંબોધનમાં, સમયપત્રક પહેલાં ડિલિવરી કરીને ઘણા મહિના બચાવવા બદલ કંપનીની પ્રશંસા કરી, અને કહ્યું કે તે દર્શાવે છે કે કરારોને ડિલિવરીમાં ફેરવવામાં સમય સામે ''રેસ અને ફાયર'' કરવાની ક્ષમતા છે.

# તપતી ગરમીમાં તરસ્યા પક્ષીઓ માટે આદી ફાઉન્ડેશનની અનોખી પહેલ

### ૧૦૦૦થી વધુ પાણીના વાસણોનું વિતરણ, નાગરિકોએ લીધી સેવા કરવાની પ્રતિજ્ઞા



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદની કરકસર ગરમીમાં જ્યાં માનવજીવન મુશ્કેલ બની રહ્યું છે, ત્યાં બેઝુબાન પક્ષીઓ માટે પાણી મેળવવું જીવ-મરણનો પ્રશ્ન બની જાય છે। આવી પરિસ્થિતિમાં આદી ફાઉન્ડેશન દ્વારા માનવતાભરી અને પ્રેરણાદાયક પહેલ હાથ ધરવામાં આવી છે। આજે ગુરુકુલ સ્થિત ઑક્સફર્ડ ટાવર ખાતે પક્ષીઓ માટે માટીના પાણીના વાસણોના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ અભિયાન અંતર્ગત ૧૦૦૦થી વધુ માટીના પાણીના વાસણો નાગરિકોને વિતરણ કરવામાં આવ્યા હતા, જેથી તેઓ પોતાના ઘર, છત, બાલ્કની અને આસપાસના વિસ્તારોમાં પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરી શકે.

કાર્યક્રમમાં હાજર નાગરિકોએ આ સુંદર પહેલને વધાવી લીધી અને સમગ્ર ઉનાળા દરમિયાન નિયમિત રીતે પક્ષીઓને પાણી પૂરું પાડવાનો સંકલ્પ કર્યો. સંસ્થાના સભ્યોએ જણાવ્યું કે તીવ્ર ગરમીમાં પક્ષીઓ માટે પાણી જીવનરક્ષક બની જાય છે અને આપણા નાના પ્રયાસો પણ તેમને જીવતદાન આપી શકે છે.

આ પ્રસંગે આદી ફાઉન્ડેશનની ટીમ સાથે મોટી સંખ્યામાં પશુપ્રેમી નાગરિકો હાજર રહ્યા હતા અને સૌએ મળીને આ સેવા કાર્યને સફળ બનાવ્યું હતું.

કાર્યક્રમમાં હાર્દિક સંઘવી, અલ્પેશ શાહ, ચિરાગભાઈ, રવિ ચૌહાણ, જીવદયા પ્રેમી લાભાર્થી દીક્ષિતભાઈ અને મહુલભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા। એએમસીના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગ દાણી તથા પી.આઈ. મેમનગર પણ હાજર રહી આ પહેલને બિરદાવ્યું હતું.

અંતમાં, આદી ફાઉન્ડેશને શહેરના નાગરિકોને હૃદયપૂર્વક અપીલ કરી કે તેઓ પોતાના ઘર અને આસપાસ પાણીના વાસણો મૂકી તરસ્યા પક્ષીઓને જીવનદાન આપે અને સમાજમાં દયા, કરુણા અને સહઅસ્તિત્વનો સંદેશ ફેલાવે.

# મોરબી કોંગ્રેસમાં ભડકો : સસ્પેન્ડ થયેલ રમેશભાઈ રબારીના જીલ્લા પ્રમુખ સામે ગંભીર આક્ષેપો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરતા હોવાના આક્ષેપો સાથે રમેશભાઈ રબારીને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારે રમેશભાઈ રબારી દ્વારા કોંગ્રેસ જીલ્લા પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા સામે પરિવારવાદ, ભાજપ સાથે સાંઠગાંઠ અને શિસ્તભંગ જેવા ગંભીર આક્ષેપો સાથે અહેવાલ આપવામાં આવતા રાજકીય ગરમાવો વધ્યો છે.

મોરબી જીલ્લા કોંગ્રેસ સંગઠનમાં હાલ આંતરિક અસંતોષ અને ગેરસમજનો માહોલ સર્જાયો છે. હાલ કોંગ્રેસ પક્ષમાંથી સસ્પેન્ડ થયેલ રમેશભાઈ રબારી દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ અને સંગઠનની વર્તમાન સ્થિતિ અંગે સોશ્યલ મીડિયામાં અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. જે મુજબ, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા સામે અનેક ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. જેમાં સૌથી મોટો મુદ્દો પરિવારવાદ અને ભાજપ સાથે સાંઠગાંઠનો ઉઠાવવામાં આવ્યો છે. આક્ષેપ મુજબ, તેમના ધર્મપત્ની હાલમાં મોરબી જીલ્લા પંચાયતમાં ભાજપના સભ્ય તરીકે કાર્યરત છે. વધુમાં, કિશોરભાઈ ખુદ ભાજપના પ્રતીકો લગાવેલી ગાડીમાં જાહેર કાર્યક્રમોમાં હાજરી આપતા હોવાના દાવાઓથી કાર્યકરોમાં અસંતોષ વ્યાપ્યો છે. આ ઉપરાંત, પક્ષના સત્તાવાર ઉમેદવારોનો વિરોધ કરીને શિસ્તભંગ કર્યાનો પણ આરોપ છે. પક્ષના વફાદાર નેતા જયંતીભાઈ જયરાજ સામે બળવો કરી પક્ષના નિર્ણયની અવગણના કર્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનાથી સંગઠનની એકતા પર અસર પડી છે.

સાથે જ, કિશોરભાઈની કામગીરીથી કંટાળીને ઘણા નિષ્ઠાવાન અને જૂના કોંગ્રેસી આગેવાનો પક્ષ છોડતા હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. કાર્યકરોમાં એવો માહોલ ઉભો થયો છે કે પક્ષના હોદ્દેદારો જ જો પક્ષ વિરોધી વિચારધારાને પ્રોત્સાહન આપે, તો સંગઠન મજબૂત રાખવું મુશ્કેલ બની જાય. આ સમગ્ર મામલે અંતમાં ચેતવણી આપવામાં આવી છે કે જો સમયસર કડક પગલાં લેવામાં નહીં આવે, તો મોરબી જીલ્લામાં કોંગ્રેસનું સંગઠન સંપૂર્ણ રીતે નબળું પડી શકે છે. ત્યારે હાલ તો આ સમગ્ર મામલો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# માળીયા(મી)ના મોટા દહીસરામાં જીવલેણ હુમલાના કેસમાં ફરાર આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના મોટા દહીસરા ગામે થયેલા હત્યાના પ્રયાસના ગુનામાં ફરાર થયેલા આરોપીને માળીયા(મી) પોલીસે ઝડપી કામગીરી કરીને ગણતરીના કલાકોમાં જ પકડી પાડ્યો હતો. ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે આરોપીને દબોચી લઈ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હત્યાના પ્રયાસના કેસની વિગતો મુજબ, મોટા દહીસરા ગામે બનેલા હત્યાના પ્રયાસના બનાવમાં



આરોપી કીશોરભાઈ દેવદાનભાઈ લોખીલ ઉવ.૩૭ વાળો ગુનો આચરીને ફરાર થઈ ગયો હતો. આ બનાવને ગંભીરતાથી લઈ માળીયા(મી) પોલીસ મથકના પીઆઈએ આરોપીને ઝડપવા માટે અલગ-અલગ ટીમો રચી હતી. પોલીસ દ્વારા ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપીની ચોક્કસ બાતમી મળી કે, ફરાર આરોપી મોટા દહીસરાથી નાનાભેલા જવાના માર્ગ પર આવેલા વાળામા છુપાયો છે. આ માહિતીના આધારે પોલીસની સર્વેલન્સ ટીમે સ્થળને કોર્ડન કરીને આરોપીને ઝડપી પાડ્યો હતો. આ સાથે પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરમાં ગેરકાયદે ખનીજ ખનન પર તવાઈ : ૪.૧૦ કરોડનો મુદામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના ઓળ ગામની હળદર ધાર વિસ્તારમાં ગેરકાયદે ખનીજ ખનન કરતા ખનીજ માફિયાઓ સામે પોલીસ અને ખાણ-ખનીજ વિભાગે સંયુક્ત રેઈડ કરીને ખનીજ સાથે ત્રણ ડમ્પર અને એક એક્સકવેટર સહિત કુલ રૂ. ૪.૧૦ કરોડનો મુદામાલ કબ્જે કર્યો છે.

વાંકાનેર તાલુકા પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઇ એચ.એ. જાડેજાની આગેવાનીમાં પોલીસ ટીમને ચોક્કસ બાતમી મળી કે, તાલુકાના ઓળ ગામની હળદર ધાર વિસ્તારમાં ગેરકાયદેસર ખનન થાય છે, જેથી વાંકાનેર તાલુકા પોલીસ અને ખાણ-



ખનીજ વિભાગે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં સંયુક્ત ટીમે સ્થળ પર દરોડો કરતા, ખનીજ ભરેલા ટાટા કંપનીના ત્રણ ડમ્પર રજી.નં. જીજે-૩૬-એક્સ-૯૧૫૩, જીજે-૩૬-એક્સ-૮૮૦૪, જીજે-૩૬-વી-૯૯૪૯ તેમજ સાની કંપનીનું એક એક્સકવેટર સહિત કુલ રૂ. ૪ કરોડ ૧૦ લાખનો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન વાંકાનેર તાલુકા પોલીસ સ્ટાફ તથા મોરબી ખાણ-ખનીજ વિભાગની ટીમ જોડાઈ હતી. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી ખનીજ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# હળવદના ધૂળકોટ ગામે શક્તિ માતાજી મંદિરમાંથી સોના-ચાંદીના છત્તરની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ધૂળકોટ ગામે આવેલા શક્તિ માતાજીના મંદિરમાં ચોરીની ઘટના સામે આવી છે. મંદિરમાંથી અજાણ્યા ચોર દ્વારા આશરે રૂ.૭૫ હજારના સોના-ચાંદીના છત્તર અને દાગીનાની ચોરી કરવામાં આવી છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મંદિરમાં ચોરી અંગેની મળતી માહિતી અનુસાર, હળવદ તાલુકાના ધૂળકોટ ગામે રહેતા અર્જુનસિંહ હરભમજી જાડેજા ઉવ.૪૯ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૭ માર્ચની રાત્રે અજાણ્યા ચોર ઇસમે મંદિરમાં ઘૂસી ચોરીને અંજામ આપ્યો હતો. બીજા દિવસે સવારે ગામના દિગ્વિજયસિંહ જાડેજાએ ફોન કરી મંદિરમાં ચોરી થયાની જાણ કરતા ફરિયાદી મંદિરે પહોંચ્યા હતા. તપાસ કરતા ચાંદીના આશરે ૭૦ નાના-મોટા છત્તર અને એક મુગટ કુલ વજન અંદાજે દોઢ કિલો કિ.રૂ.૪૫,૦૦૦/-તેમજ સોનાના આશરે ૧૦ છત્તર અને બે ટીલડી કુલ વજન અંદાજે એક તોલા કિ.રૂ.૩૦,૦૦૦/- એમ કુલ મળી રૂ.૭૫ હજાર જેટલો મુદ્દામાલ અજાણ્યા ચોર ચોરી કરી ફરાર થઈ ગયો હતો. હાલ હળવદ પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં વ્યાજખોરો બેફામ : ઓરકેસ્ટ્રા કલાકાર પાસેથી લાખો વસૂલ્યા છતાં સોનુ-ચેક પરત ન આપ્યાની ફરિયાદ

### પઠાણી ઉઘરાણી અને ધમકીઓ આપતા વ્યાજખોર દંપતી સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વ્યાજખોરીનો વધુ એક ગંભીર મામલો સામે આવ્યો છે, જેમાં ઓરકેસ્ટ્રા કલાકારે વ્યાજખોર પાસેથી ઉંચા વ્યાજે લીધેલ રકમના બદલામાં મુદલ અને વ્યાજ મળીને લાખો રૂપિયા ચૂકવ્યા હોવા છતાં ગીરવે રાખેલ સોનાના દાગીના, સહી કરેલ કોરા ચેક અને બેન્જો પરત ન આપતા તેમજ અન્ય મહિલાને વ્યાજે રૂપિયા આપ્યા તેની ચુકવણી કરી આપેલ હોવા છતાં ગીરવે રાખેલ મોટર સાયકલ પરત ન આપનાર તથા ધમકીઓ અને બળજબરીપૂર્વક ઉઘરાણી કરનાર વ્યાજખોર દંપતી વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

મોરબી શહેરના જેલ રોડ વિસ્તારમાં અનુજાતીવાસ શેરી નં.૬ માં રહેતા મહેશભાઈ ભીખાભાઈ પઠાણ ઉવ.૪૦ દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ભાવિનભાઈ નરેન્દ્રભાઈ ત્રિવેદી અને તેમના પત્ની રહે. બંને રહે. મોરબી-૨ ત્રાજપર ટી.કે.હોટલ સામે લક્ષ્મી એપાર્ટમેન્ટ-૨ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, વર્ષ ૨૦૨૧માં લાતીપ્લોટ વિસ્તારમાં આવેલી ફાઈનાન્સની ઓફિસેથી આરોપી ભાવિનભાઈ નરેન્દ્રભાઈ ત્રિવેદી પાસેથી રૂ. ૨.૪૦ લાખ વ્યાજે લીધા હતા. સમયાંતરે વ્યાજ અને મુદલ મળીને રૂ. ૭.૬૭ લાખથી વધુ રકમ ચૂકવી હોવા છતાં આરોપીએ સોનાના દાગીના અને સહી કરેલા કોરા ચેક પરત આપ્યા નથી. આ સિવાય એક મહિને વ્યાજ ચૂકવેલ ન હોય ત્યારે ઉઓરોકટ ઓફિસમાં ફરિયાદીને ગોંધી રાખ્યા અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ સિવાય ફરિયાદીએ પોતાનો બેન્જો પણ ગીરવે આપ્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે, જે પણ હજુ સુધી પરત આપ્યો નથી. આ ઉપરાંત ફરિયાદીના કૌટુંબિક બહેનને પણ આવી જ રીતે ઉંચા વ્યાજે રકમ આપી તેમની પાસેથી વધુ રકમનું લખાણ કરાવી ચેકો અને મોટરસાયકલ બળજબરીપૂર્વક લઈ લેવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે આરોપી ભાવિનભાઈ ત્રિવેદી અને તેમના પત્ની સામે આઈપીસી કલમ તથા નાણા ધીરધાર અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર જિલ્લામાં પેટ્રોલ--ડીઝલ અને રાંધણગેસનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ

### કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં જામનગર જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, LPG અને PNGની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા મહત્વની બેઠક યોજાઇ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પેટ્રોલ, ડીઝલ અને રાંધણગેસની ઉપલબ્ધતા તથા જીવન જરૂરી ચીજવસ્તુઓની સ્થિતિ સુનિશ્ચિત કરવા મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કલેક્ટરએ જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલના પૂરતા જથ્થાની ઉપલબ્ધતા રાખવા તેમજ કોઈપણ પ્રકારની અછત ન સર્જાય તે માટે આગોતરા આયોજન કરવા લગત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. તેમણે વિતરણ વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા અને ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં સમયસર પુરવઠો પહોંચે તે અંગે વિશેષ ભાર મુક્યો હતો.આ ઉપરાંત, ગેસ પુરવઠાની સ્થિતિ અંગે વિગતવાર સમીક્ષા કરતા કલેક્ટરએ એલપીજી સિલિન્ડરની ઉપલબ્ધતા અંગે માહિતી મેળવી હતી અને જરૂરિયાત મુજબ પૂરતો જથ્થો જાળવવા સંબંધિત અધિકારીઓને દિશા-નિર્દેશ આપ્યા હતા. કલેક્ટરએ સુરક્ષાને ધ્યાનમાં રાખીને આગોતરા આયોજનના ભાગરૂપે નાગરિકો પાઈપ નેચરલ ગેસ અપનાવે તેમજ જ્યાં રાંધણગેસની વધુ જરૂરિયાત છે તેવી સામાજિક સંસ્થાઓ, મધ્યાહન ભોજન કેન્દ્રો, હોસ્પિટલો, હોસ્ટેલો જેવા સ્થળોએ પીએનજી કનેક્શન આપવાની બાબત પર ભાર મૂક્યો હતો. ઉપરાંત સંબંધિત વિભાગોને સંકલનથી કાર્ય કરીને નાગરિકોને અવિરત અને સરળ ઈંધણ અને ગેસનો પુરવઠો ઉપલબ્ધ કરાવવા સૂચનાઓ આપી હતી. તંત્ર દ્વારા પેટ્રોલ-ડીઝલ અને રાંધણગેસના સ્ટોકનું દૈનિક ધોરણે મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. માટે લોકોએ ગભરાવવાની જરૂર નથી.ઉલ્લેખનીય છે કે, જામનગર જિલ્લામાં તમામ પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડિઝલનો જથ્થો તેમજ રાંધણગેસનો જથ્થો પણ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે. માટે લોકોએ ગભરાવવાની જરૂર નથી. એક ગ્રાહક દ્વારા બે એલપીજી સિલિન્ડરના બુકિંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો રાખવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે, જેથી કરીને પુરવઠાનું સંતુલન જળવાઈ રહે.આ ઉપરાંત આવશ્યક ચીજ વસ્તુઓ અને ખાતરના જથ્થાની ઉપલબ્ધતા અંગે પણ કલેક્ટરએ લગત અધિકારીઓ પાસેથી માહિતી મેળવી તે અંગે સમીક્ષા કરી હતી. લોકો અફવાઓથી દૂર રહે નાગરિકોને અડચણ ન સર્જાય તે પ્રકારે જાગૃતિ સંદેશ ફેલાવવા ઓઈલ અને ગેસ કંપનીઓના પ્રતિનિધિઓને માર્ગદર્શન તથા અનાવશ્યક સ્ટોકિંગ ન થાય તેની પુરવઠા વિભાગ દ્વારા ખાસ તકેદારી રાખી કાળા બજાર કરતાં શખ્સો સામે કાર્યવાહી કરવા કલેક્ટરએ સૂચનો કર્યા હતા.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નું, જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની, જિલ્લા પુરવઠા અધિકારી એસ.ડી.બારડ, સંબંધિત ઓઈલ કંપનીઓના પ્રતિનિધિઓ, ગેસ એજન્સીના પ્રતિનિધિઓ તેમજ લગત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ભાજપના પાપની પોથી -તોહમતનામું જાહેર

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલ દ્વારા યોજાઇ પત્રકાર પરિષદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલ દ્વારા પત્રકાર પરિષદ યોજાઇ હતી. જેમાં, ''ભાજપના પાપની પોથી તોહમતનામું'' જાહેર કરવામાં આવ્યું છે, જેમાં રાજકોટ મહાનગરપાલિકાના ભ્રષ્ટાચાર અને કુશાસનના અનેક ગંભીર મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા.

૧. TRP ગેમ ઝોન દુર્ઘટના- મહાનગરપાલિકાની બેદરકારીનો જીવલેણ કિસ્સો., મહાનગરપાલિકાના ભ્રષ્ટાચાર, બેદરકારી અને નિયમોની અવગણનાનું સૌથી મોટું ઉદાહરણ છે.

૨. ભાજપના કોર્પોરેટરો સામે ભ્રષ્ટાચારના આક્ષેપ છતાં કોઈ કાર્યવાહી નહીં : ભાજપના ઘણા કોર્પોરેટરો સામે ભ્રષ્ટાચારના આક્ષેપો



હોવા છતાં કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી, જે ભાજપ અને ભ્રષ્ટાચાર વચ્ચેના ગાઢ સંબંધને દર્શાવે છે.

૩. ગેરકાયદેસર બાંધકામ સામે ડબલ સ્ટાન્ડર્ડ : સત્તાધીશો માટે અલગ નિયમ અને સામાન્ય નાગરિકો માટે અલગ વલણ અપનાવવામાં આવી રહ્યું છે.

૪. રોડ-રસ્તાના કામોમાં ભારે ગેરરીતિ અને નબળી ગુણવત્તા : રોડ રસ્તાના નિર્માણમાં ભાજપનો ભ્રષ્ટાચાર સોળે કળાએ ખીલેલો જોવા મળે છે. રાજકોટમાં રસ્તા ઓછા અને તેમાં ખાડા વધારે છે. જનતાના પૈસે બનતા રોડ એક વરસાદનો માર પણ જીલી શકતા નથી.

પ્રેસ કોન્ફરન્સ સંબોધતા ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલે જણાવ્યું કે ભાજપના શાસનમાં રાજકોટ મહાનગરપાલિકા ભ્રષ્ટાચારનું કેન્દ્ર બની ગઈ છે અને પ્રજાને મૂળભૂત સુવિધાઓથી વંચિત રાખવામાં આવી રહી છે. શિક્ષણ જેવી પવિત્ર વ્યવસ્થામાં પણ ભ્રષ્ટાચાર ઘૂસી ગયો છે, જેના કારણે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ભાજપ શાસિત તંત્ર ખુલ્લેઆમ ચેડાં કરી રહ્યું છે.કોંગ્રેસ પક્ષ આ તમામ મુદ્દાઓને લઈને જનહિતમાં લડત આપશે.

# મોરબીના જાંબુડીયા ગામે સગપણ તોડવાનો ખાર રાખી પરિવાર ઉપર હુમલો

### ઘરમાં ઘુસી ધોકા અને પથ્થરથી માર માર્યો, ત્રણ લોકોને ગંભીર ઈજા, એકની આંખ ઉપર સર્જરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જાંબુડીયા ગામે સામસાટુ સગપણ તોડી નાખ્યાનો ખાર રાખી ચાર શખ્સોએ મધરાતે પરિવારના ઘરમાં ઘુસી ધોકા અને પથ્થર વડે હુમલો કર્યો હતો. હુમલામાં પરિવારના ત્રણ સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેમાં એક વ્યક્તિની આંખમાં વધુ ઈજા પહોચતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સર્જરી કરવી પડી હતી, જ્યારે અન્યને માથા અને મોઢાના ભાગે ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી છે. આ સમગ્ર ઘટનાએ વિસ્તારમાં ભયનો માહોલ સર્જ્યો છે. હાલ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબી તાલુકાના નવા જાંબુડીયા ગામમાં રહેતા અબ્દુલભાઈ કાળુભાઈ ભરવાડીયા ઉવ.૪૦એ તાલુકા પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના દીકરા-દીકરીનું સામસાટુ સગપણ રફાળેશ્વર-પાનેલી રોડ વિસ્તારમાં રહેતા મહમદભાઈ બાબુભાઈ સલાટના પરિવાર સાથે ચાર વર્ષ પહેલા કરવામાં આવ્યું હતું, પરંતુ તાજેતરમાં આ સગાઈ તોડી નાખવામાં આવી હતી. જેમાં ગત તા. ૨૭ માર્ચના બપોરે ફરિયાદીની દીકરી પાણી ભરવા ગઈ ત્યારે આરોપી નવઘણ ઉર્ફે કાળુ અને અન્ય એક વ્યક્તિ તેના પાછળ આવતા હોવાથી તે ડરીને ઘરે પરત આવી હતી. આ બાબતે ફરિયાદીએ વેવાઈને ફોન કરી તેમના દીકરાને સમજાવવા વાત કરી હતી. જે બાદ તે જ રાત્રે આશરે પોણા બાર વાગ્યે આરોપીઓ ભોલાભાઈ બાબુભાઈ સલાટ, મહમદભાઈ બાબુભાઈ સલાટ, કિશન અજીતભાઈ સલાટ અને નવઘણ ઉર્ફે કાળુ સલાટે ફરિયાદીના ઘરે ઘુસી હુમલો કર્યો હતો. આરોપીઓએ પહેલા ફરિયાદીના દીકરા રાહુલને બહાર ખેંચી લાકડાના ધોકા વડે માર માર્યો હતો. બચાવવા જતા ફરિયાદીને પથ્થર મારી ડાબી આંખ પર ગંભીર ઈજા પહોંચાડી હતી. આ દરમિયાન ફરિયાદીના ભાઈ સંજયને પણ આરોપીઓએ ધોકા વડે માથા અને મોઢા પર માર મારતા તેને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચાડી ચારેય આરોપીઓ નાસી ગયા હતા.

બાદમાં પરિવારજનો દ્વારા ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી ઈજાગ્રસ્તોને રાજકોટ અને ત્યારબાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જ્યાં ફરિયાદીની આંખ પર સર્જરી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે મોરબી પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના માથક ગામે ફરિયાદ પરત લેવા ધમકી : પિતા-પુત્ર સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના માથક ગામે અગાઉ કરેલી પોલીસ ફરિયાદ પરત ખેંચવા માટે ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપતા પિતા-પુત્ર સામે ફરિયાદ નોંધાઈ છે. ત્યારે સમગ્ર બનાવ અંગે પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ તાલુકાના માથક ગામે રહેતા કાળુભાઈ ખોડાભાઈ ડાંગર ઉવ.૪૨એ આરોપી મીતરાજસિંહ હરપાલસિંહ ઝાલા અને તેમના પિતા હરપાલસિંહ જયવંતસિંહ ઝાલા વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, અગાઉ કરેલી પોલીસ ફરિયાદનો ખાર રાખી બન્ને પિતા-પુત્રએ ફોન પર ગાળો આપી ફરિયાદ પરત ખેંચવા દબાણ કર્યું હતું. ફરિયાદ પાછી ન ખેંચે તો જાનથી મારી નાખવાની તેમજ ગામ છોડવાની ધમકી આપી હતી. આ ધમકીઓથી ડરી ગયેલા કાળુભાઈએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા, પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં મોટર સાયકલની ઠોકરે ૧૨ વર્ષીય સાયકલ સવાર બાળકનું કરુણ મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ વિસ્તારમાં શિવમ હોસ્પિટલ પાછળ ધર્મનગર નજીક રોડ ઉપર ઉડી ગયેલ માસ્ક લેવા જતા ૧૨ વર્ષીય બાળકને પુરઝડપે આવેતા મોટર સાયકલે હડફેટે લેતા તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે પોલીસે મોટર સાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મોરબીના શિવમ હોસ્પિટલ પાછળ ઇન્દિરાનગરમાં રહેતા મૂળ સુરેન્દ્રનગર જીલ્લાના કુડા ફમના વતની સબીરભાઈ ઉમેદભાઈ મુલ્લા ઉવ.૩૩ ના ૧૨ વર્ષીય દીકરા રીયાઝનું માર્ગ અકસ્માતમાં કરુણ મોત થયું હતું. જેમાં ગત તા. ૨૭ માર્ચની સાંજે રીયાઝ પોતાના નાના ભાઈ સાથે ઘર બહાર સાયકલ ચલાવી રહ્યો હતો ત્યારે ભાઈનું માસ્ક રોડ પર ઉડી ગયું હતું. જેથી માસ્ક લેવા માટે રીયાઝ રોડ પર જતા જ તે દરમિયાન પુરઝડપે આવી રહેલ મોટર સાયકલ રજી.નં. જીજે-૦૬-એચએન-૫૭૪૫ ના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી રિયાઝને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં રીયાઝ રોડ પર ફેંકાઈ જઈ માથા અને ચહેરા પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેને તાત્કાલિક સારવાર માટે શિવમ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ત્રણ કલાકની ટૂંકી સારવારમાં તેનું મોત નિપજ્યું હતું. પોલીસે આ બનાવ અંગે મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સોનાની ચમક કે ચિંતાની ઝલક ?




**મુખ્ય સમાચાર, રાજકોટ**

સવારની ચા સાથે અખબાર ખોલો
અને પહેલી જ લાઈન આંખમાં ચુભી જાય
''સોનાના ભાવ ફરી વધ્યા''
એક ક્ષણ માટે લાગશેઆ તો સામાન્ય સમાચાર છે
પણ જે ઘરમાં દીકરી છે, ત્યાં આ સમાચાર માત્ર શબ્દો નથી,
એ ચિંતા છે એ નિંદ્રા ઉડાવતી હકીકત છે
એક સમય હતો, જ્યારે સોનું અને ચાંદી સુખ અને સમૃદ્ધિનું પ્રતિક હતું।
માતા-પિતા દીકરી માટે થોડું થોડું સોનું ભેગું કરતા

**નીલમ. પી. મોહિનાણી**

પ્રેમથી, ગર્વથી
પણ આજે એ જ સોનું ઘણા માટે ''બોજ'' બની ગયું છે।
લગ્ન નજીક આવે અને ઘરનો માહોલ બદલાઈ જાય
ખુશી કરતાં વધુ ગણિત શરૂ થાય છે
''કેટલા તોલા આપવાના?''
''આટલા ભાવમાં કેવી રીતે શક્ય બનશે?''
ઘણા માતા-પિતા પોતાના સપનાઓ કાપી નાખે છે
કેટલાક લોન લે છે
અને કેટલાક તો અંદરથી તૂટી જાય છે
કારણ કે સમાજની પરંપરા હજુ પણ સોનાની તોલે સુખ માપે છે

પણ પ્રશ્ન છેઆ સોનાના ભાવ એટલા વધી કેમ રહ્યા છે?
આ પાછળના કારણો માત્ર બજાર સુધી સીમિત નથી

**(૧) વૈશ્વિક યુદ્ધ અને તણાવ**

જ્યારે વિશ્વમાં યુદ્ધ અથવા રાજકીય અશાંતિ વધે છે, ત્યારે લોકો પોતાનો પૈસો સુરક્ષિત જગ્યાએ મૂકે છે।
સોનું અને ચાંદી એ ''સેફ હેવન'' ગણાય છે
માગ વધે છે અને ભાવ આસમાને ચડી જાય છે।

**(૨) મોંઘવારી અને આર્થિક અસુરક્ષા**

જ્યારે કરન્સીની કિંમત ઘટે છે, ત્યારે લોકો સોનામાં રોકાણ વધારે કરે છે।
આથી પણ કિંમતોમાં સતત વધારો થાય છે।

**(૩) મર્યાદિત સપ્લાય**

સોનું અને ચાંદી કુદરતી સંપત્તિ છે
એનું ઉત્પાદન વધારી શકાય તેમ નથી
પણ માંગ વધી રહી છેએથી ભાવ પણ વધે છે।
વિશેષજ્ઞો કહે છે કે જો આવી જ પરિસ્થિતિ રહી
તો સોનાની કિંમતો હજુ પણ નવા રેકોર્ડ બનાવી શકે છે
અને ચાંદી પણ પાછળ નથી રહેવાની
પરંતુ આ આખી દોડમાં સૌથી મોટો સવાલ
શું દીકરીનું સુખ હજુ પણ સોનાથી જ માપવું પડશે?
શું એના સપનાઓ, એનું શિક્ષણ, એનો આત્મવિશ્વાસ
આ બધું સોનાથી ઓછું છે?
સમાજે હવે થોડું બદલાવ લાવવો પડશે
નહીંતર સોનાની ચમકમાં,
ઘણા ઘરોની ખુશીઓ ધીમે ધીમે ફીકી પડી જશે
અંતમ*સોનાની કિંમત ભલે રોજ વધી રહી હોય,
પણ એક દીકરીની ખુશીની કોઈ કિંમત નથી હોતી
એને તોલવામાં નહીં
સમજવામાં આવે છે''

# રાજકોટ ખાતેથી દેશભરના એરપોર્ટ પર વિવિધ જનસુવિધાઓનું લોકાર્પણ કરતાં કેન્દ્રીય મંત્રી રામમોહન નાયડુ કિન્જરાપુ

## મંત્રીએ એરપોર્ટ ખાતે ઉડાન યાત્રી કેફેનું ઉદઘાટન કર્યું : કેફેમાં મુસાફરોને માત્ર રૂ. ૧૦માં ચા અને રૂ. ૨૦માં સમોસા-કચોરી મળી રહેશે



વર્ષ ૨૦૧૪માં આપણા દેશમાં માત્ર ૭૪ એરપોર્ટ હતા, જે આજે વધીને ૧૬૫થી પણ વધુ થઈ ગયા છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ કિન્જરાપુએ આજે દેશભરના ૫૭ એરપોર્ટ પર અત્યાધુનિક જનસુવિધાઓનું ડિજિટલ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીએ ૧૧ ઉડાન યાત્રી કેફે, ૦૮ એરપોર્ટ પર ડીજી યાત્રા (પેપરલેસ એન્ટ્રી સિસ્ટમ), ૫૦ ફ્રી વાઈ-ફાઈ ઝોન, ૧૦ કિડ્સ ઝોન, ૧૬ ફ્લાયબ્રેરીઝ (લાઈબ્રેરી રેક), ૧૧ અવસર આઉટલેટ્સ અને ૦૮ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે આજે દેશના ૫૭ એરપોર્ટના વિકાસ કાર્યોનો પ્રારંભ આપણે રાજકોટની ધરતી પરથી થઈ રહ્યો છે. રાજકોટનો ઈતિહાસ અને સંસ્કૃતિ આપણા સૌ માટે ગૌરવ સમાન છે. ભૌગોલિક ઉપરાંત ગુજરાત માટે આ સ્થળ ઉદ્યોગ ક્ષેત્રે પણ મહત્વનું સ્થાન ધરાવે છે. ભારતમાં સિવિલ એવિએશનનો સ્વભાવ અને સ્વરૂપ છેલ્લા ૧૨ વર્ષમાં સંપૂર્ણપણે બદલાઈ ગયા છે. આ સકારાત્મક પરિવર્તન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નિર્ણાયક નેતૃત્વને કારણે શક્ય બન્યું છે. વડાપ્રધાનએ દેશના લોજિસ્ટિક્સને મજબૂત બનાવવાનો માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે, જેમાં હાઈવે, રેલ્વે, પોર્ટ અને ખાસ કરીને સિવિલ એવિએશન પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.


મંત્રીએ ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૧૪માં આપણા દેશમાં માત્ર ૭૪ એરપોર્ટ હતા, જે આજે વધીને ૧૬૫થી પણ વધુ થઈ ગયા છે. આ આંકડો માત્ર ૧૨ વર્ષમાં બમણાથી પણ વધી ગયો છે. પહેલા એવી માન્યતા હતી કે હવાઈ મુસાફરી માત્ર અમીર લોકો માટે જ છે, પરંતુ વડાપ્રધાનશ્રીએ આ વિચારધારા બદલી નાખી છે. હવાઈ ચપ્પલ પહેરનારો માનવી પણ હવે હવાઈ જહાજમાં ઉડતો થઈ ગયો છે. આજે દેશના દરેક વર્ગના લોકો હવાઈ મુસ-ાફરીનો લાભ લઈ રહ્યા છે. આ સફળતા પાછળ 'ઉડાન' યોજનાનો મોટો ફાળો રહેલો છે.

છેલ્લા ૧૦ વર્ષમાં આપણા દેશમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે. એરલાઈન્સ હવે નાના શહેરોમાં ઓપરેટ કરવા માટે પણ ઉત્સાહિત છે. મુસાફરોની સંખ્યામાં પણ બમણો વધારો થયો છે. અત્યાર સુધીમાં આપણે ૧૬૦ નવા એરપોર્ટ બનાવ્યા છે, પરંતુ વડાપ્રધાનશ્રીનો સંકલ્પ આ સંખ્યાને ૩૫૦ સુધી લઈ જવાનો છે. તાજેતરમાં સરકાર દ્વારા 'ઉડાન સ્કીમ' માટે રૂ. ૨૯,૦૦૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે, જે સિવિલ એવિએશનના ઈતિહાસમાં સૌથી મોટું ભંડોળ છે. આગામી દાયકામાં અમારું આયોજન ૧૦૦ નવા એરપોર્ટ અને ૨૦૦ હેલિપેડ બનાવવાનું છે. 'મેક ઇન ઈન્ડિયા' હેઠળ આ ક્ષેત્રને મજબૂત બનાવવામાં આવશે. અમને મુસાફરોનો પ્રતિસાદ મળ્યો હતો કે એરપોર્ટ પર ફ્લાઈટની રાહ જોતી વખતે જમવાની સારી સુવિધા હોવી જોઈએ. આ ફીડબેકને ધ્યાનમાં રાખીને અમે ઉડાન કેફેની શરૂઆત કરી છે, તેમ મંત્રીએ જણાવ્યું હતું. આ કાર્યક્રમનો આરંભ વંદે માતરમના સમૂહ ગાનથી થયો હતો. દીપ પ્રાગટ્ય બાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને શાલથી અભિવાદન કરાયું હતું. આ તકે મંત્રીએ 'ઉડાન યાત્રી કેફે'નું ઉદઘાટન કર્યું હતું, જ્યાં મુસાફરોને માત્ર રૂ. ૧૦માં ચા અને રૂ. ૨૦માં સમોસા-કચોરી જેવો નાસ્તો મળી રહેશે. ઉદઘાટન બાદ મંત્રી સહિત મહાનુભાવોએ ગાંઠિયા અને ગુલાબજાંબુની મજા માણી હતી . તેમજ મહાનુભવોએ ગુજરાતની ઓળખ સમાન રાસ-ગરબા પણ નિહાળ્યા હતા.

આ તકે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન વિપિન કુમારે શાબ્દિક સ્વાગત કર્યુ હતું, નાગરિક ઉડ્ડયન સચિવ સમીર કુમાર સિન્હા તેમજ સાંસદો પુરુષોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા અને કેસરીદેવસિંહ ઝાલાએ પ્રાસંગિક ઉદ્બોધન આપ્યા હતા. આ કાર્યક્રમના અંતે એરપોર્ટ ડિરેક્ટર દિગંત બોરાએ આભારવિધિ કરી હતી. દેશના અન્ય એરપોર્ટ પરથી પણ વર્ચ્યુઅલી સાંસદ શંકરભાઈ લાલવાણી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુનિ. રોડ પર જાહેર ફૂટપાથ તેમજ બિલ્ડિંગનું પાર્કિંગ માર્જીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવાનું કારસ્તાન : તુષીત પાનેરી

રાજકોટ શહેર ના દરેક મુખ્ય માર્ગો પરના ફૂટપાથ પર લારી ગલ્લા વાળા ના દબાણ હોય છે , નાગરિકો સરખી રીતે ચાલી શકે તે માટે સરકારે ફૂટપાથની વ્યવસ્થા કરી છે પરંતુ રાજકોટની કઈ ફૂટપાથ પર દબાણ નથી એવો પ્રશ્ન કરો તો જવાબ શોધવો અઘરો છે. હજી એકાદ મહિના પહેલા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા ના બંગલા ની સામે જ ફૂટપાથ પર ખુલ્લેઆમ દબાણ થયું હતું , જેમા મ્યુનિસિપલ કમિશનર એ પણ આંખ આડા કાન કરી દીધા હતા પરંતુ જાગૃત અખબારો મા આ અહેવાલ પ્રકાશિત થતા મહાનગર પાલિકા ના નિંભર તંત્ર ને ફરજિયાત તે દબાણ દૂર કરવાની ફરજ પડી. તેમ



કોંગ્રેસ અગ્રણી તુષીત પાનેરીએ જણાવ્યું હતું.

એવામાં યુનિવર્સિટી રોડ પર , આકાશવાણી ચોક પાસે ભગતસિંહ ગાર્ડન ની બાજુના નકળંક હોટલ વાળા બિલ્ડિંગ મા એક જય દ્વારકાધીશ નામનો રસ નો ચીચોડો ફૂટપાથ પર નાખેલો રસ ના ચીચોડા ની મંજૂરી મહાનગર પાલિકા દ્વારા અપાતી હોય છે ત્યારે એમાં સ્થળ લોકેશન દર્શાવવું ફરજીયાત છે , તો મનપા ના અધિકારીઓ ને ખબર નહી હોય કે જે સ્થળ પર રસ ના ચીચોડા ની મંજૂરી માંગવામાં આવી છે તે ફૂટપાથ છે ?? અથવા તો મંજૂરી વગર કોઈ ચોક્કસ વ્યક્તિઓ ની ભલામણ થી જય દ્વારકાધીશ નામનો રસ નો ચીચોડો ફૂટપાથ પર ચાલુ કરી દીધો?? વધુમાં આ ચીચોડા ની બરાબર પાછળ ની લોર્ડ્સ નામનું એક બોર્ડ દેખાય છે જે કોઈ ખાણી પીણી ની દુકાન હોવાનું મને જાણવા મળ્યું છે , આ દુકાન ધારકે બિલ્ડિંગ ના પાર્કિંગ ના માર્જીન મા એલ્યુમિનિયમ ફેબ્રિકેશન નું આખું એક ગેરકાયદેસર સ્ટ્રક્ચર ઊભું કરી નાખ્યું છે. . આ દબાણ કોની મહેરબાની કે ભલામણ થી થયું ??

# વાંકાનેર નર્સરી ચોકડી નજીક અકસ્માતમાં વૃદ્ધનું મોત, પત્ની ઈજાગ્રસ્ત

## મોટર સાયકલ ઉપર દર્શન કરવા જતા દંપતીને પાછળથી કારની ટક્કર

**મુખ્ય સમાચાર, મોરબી**


વાંકાનેરમાં રહેતા વૃદ્ધ દંપતી પોતાના મોટરસાયકલમાં વરડૂસર ગામે દર્શન કરવા જતાં હોય તે દરમિયાન વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે પર નર્સરી ચોકડી નજીક પાછળથી આવતી કારે મોટર સાયકલને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મોટર સાયકલ ચાલક ૭૦ વર્ષીય વૃદ્ધનું માથા અને પગમાં ગંભીર ઈજાઓ થવાથી મોત નીપજ્યું હતું, જ્યારે તેમની પત્નીને શરીરે સામાન્ય મૂંઢ ઈજાઓ પહોંચી હતી. કાર ચાલક ઘટના બાદ વાહન મૂકી ફરાર થઈ ગયો હતો.

મળતી વિગતો મુજબ, વાંકાનેરના પંચશીલ સોસાયટીમાં રહેતા પરબતભાઈ જેહાભાઈ લામકાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પિતા જેહાભાઈ નાજાભાઈ લામકા ઉવ.૭૦ અને માતા રખુબેન તા.૨૭ માર્ચની સવારે વરડુસર ગામે માતાજીના દર્શન કરવા માટે મોટરસાયકલ રજી.નં. જીજે-૦૩-બીજે-૮૩૨૫ લઈને નીકળ્યા હતા. ત્યારે વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે પર નર્સરી ચોકડી નજીક પાછળથી પુરઝડપે આવી રહેલી કાર રજી. નં. જીજે-૦૩-એમઆર-૪૮૨૭ના ચાલકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતના કારણે જેહાભાઈને માથા તેમજ બન્ને પગમાં ગંભીર ઈજાઓ પહોચતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતુ. જ્યારે ફરિયાદીની માતા રખુબેનને મૂંઢ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી કાર ચાલક તેનું વાહન મૂકીને નાસી ગયો હતો. હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરની શિવમ સોસાયટીમાં ઈગ્લીંશ દારૂની ૨૨૯ બોટલો પકડી પાડતી સીટી સી ડીવીઝન પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક.ડો.રવી મોહન સૈનીએ પ્રોહી-જુગારના ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક જે.એન.ઝાલાના માર્ગદર્શન મુજબ, સીટી સી ડીવી પો.સ્ટે.ના પોલીસ ઇન્સ. એન.બી.ડાભીના માર્ગદર્શન અને સુચનાથી સર્વેલન્સ સ્કોડ ના પો.સબ.ઈન્સ વી.એ.પરમારની સુચના થી સર્વેલન્સ સ્કોડના માણસો જામનગર સીટી સી ડીવી પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી-જુગાર અંગે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એ.એસ.આઇ. યશપાલસિંહ અનિરુધ્ધસિંહ જાડેજા તથા પો.હેડ કોન્સ. યુવરાજસિંહ ભરતસિંહ જાડેજા તથા ખીમશીભાઇ ગોવિંદભાઇ ડાંગર તથા મહાવીરસિંહ વનરાજસિંહ જાડેજાને ને સંયુક્ત બાતમી રાહે હકીકત મળેલ કે સત્યમ કોલોની, શિવમ સોસાયટી શેરી



નં.૦૧ માં નીલેશભાઇ વાલજીભાઇ ભદ્રાના મકાનમાં ભાડેથી રહેતો મોહિત સંજયભાઇ જાદવાણી વાળો તેના મકાનમાં ભારતીય બનાવટનો ઇગ્લીંશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે તેવી ચોકકસ હકીકતના આધારે રેઇડ દરમ્યાન ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલ નંગ - ૨૨૯ કિ.રૂ.૩૮,૧૫૭ના મુદામાલ સાથે મળી આવતા આ અંગે પો.હેડ કોન્સ. યુવરાજસીંહ ભરતસીંહ જાડેજા નાઓએ તેની સામે ધોરણસર થવા ફરીયાદ આપેલ છે અને પી.એસ.આઇ. વી.એ.પરમાર સાહેબ નાઓએ કાર્યદિસરની કાર્યવાહી કરેલ છે.

આરોપી પકડવા પર બાકી.મોહિત સંજયભાઇ જાદવાણી રહે. જામનગર.સમગ્ર કામગીરી કરનાર અધિકારીઓ.પોલીસ ઈન્સપેટકર એન.બી.ડાભી. પોલીસ સબ ઇન્સ વી.એપરમાર યશપાલસિંહ અનીરૂધ્ધસિંહ જાડેજા. યુવરાજસિંહ ભરતસિંહ જાડેજા.હર્ષદભાઇ દલપતભાઇ પરમાર. મહાવીરસિંહ વનરાજસિંહ જાડેજા. શીવભદ્રસિંહ મહોબતસિંહ જાડેજા. ખીમશીભાઇ ગોવિંદભાઇ ડાંગર.ફૈજલભાઇ મામદભાઇ ચાવડા.વનરાજભાઇ ભગુભાઈ ખવડ.હોમદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા.કૃષ્ણપાલસિંહ મહિપતસિંહ જાડેજા.હાર્દીકભાઇ પોપટભાઇ ગાગીયા.જયપાલસિંહ ઘનશ્યામસિંહ ડોડીયા

# ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટમાં લેઉવા પટેલ બોર્ડીંગના નવનિર્મિત બિલ્ડિંગનું લોકાર્પણ કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ ખાતમુહૂર્ત માટે આજે રાજકોટ પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રી લેઉવા પટેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત બોર્ડીંગના નવનિર્મિત બિલ્ડિંગનું લોકાર્પણ કરાયું હતું. મુખ્યમંત્રીએ કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પરિસરમાં સરદાર વલ્લભભાઈ પટેલની વિશાળ પ્રતિમાનું અનાવરણ પણ કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સંસ્થાના પરિસરમાં એકતા અને અખંડિતતાના શિલ્પી શ્રી સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ થયું, એ શ્રી સરદાર પટેલના જીવનને અપાયેલી સાચી અંજલિ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ દેશના વડાપ્રધાન અને વિકાસની રાજનીતિના પ્રણેતા નરેન્દ્રભાઈ મોદીના સરકારના વડા તરીકેના ૮,૯૩૧ દિવસો પૂર્ણ થવામાં રાજકોટનો મહત્વપૂર્ણ ફાળો રહ્યાનો સવિશેષ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે, વિકાસની રાજનીતિથી દેશસેવાને સમર્પિત તથા વિકાસને ગતિ આપતા આ કાર્યક્રમમાં સમાજે સાબિત કરી આપ્યું છે કે ''મારું નહીં, આપણું'' ના સૂત્રને વરેલો સમાજ



રાજ્યના વિકાસનો પાયો છે.

સરદાર પટેલના લોખંડી મનોબળ અને દ્રઢ સંકલ્પ શક્તિ એ સમાજની તાકાત અને આગવી ઓળખ છે, તેમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, લેઉવા પટેલ સમાજે પ્રગતિની સાથે પરંપરાનું સંતુલન યોગ્ય રીતે જાળવી રાખ્યું છે, જે બદલ સમગ્ર સમાજ અભિનંદનનો અધિકારી છે.

મુખ્યમંત્રીએ પટેલ સમાજની વિશેષતાઓ પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, પરિશ્રમ- પ્રામાણિકતા- સાહસ-ખંત અને ખમીર થકી સમાજ ઉજળો બન્યો છે. ''વિરાસત થી વિકાસ''ના ધ્યેયને સાકાર કરવા માટે જરૂરી મહેનત, પરિશ્રમ, સાદગી, કરકસર અને સ્વાવલંબન જેવા આગવા ગુણો પટેલ સમાજની આગવી ઓળખ છે. સહકારી પ્રવૃત્તિ ક્ષેત્રે સરદાર પટેલે આપેલા અમૂલ્ય યોગદાનને મુખ્યમંતએ આ પ્રસંગે યાદ કર્યું હતું અને નાના કામથી શરૂ કરીને મલ્ટી નેશનલ કંપનીની સ્થાપના સુધી જરૂરી સાહસ, બુદ્ધિ અને વિશ્વાસ ધરાવતા પટેલો વિશ્વના દરેક ખૂણાને ઉજાગર કરી રહ્યા છે, એમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

લેઉવા પટેલ બોર્ડીંગના પ્રમુખ તરીકેવરણી પામેલા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાને મુખ્યમંત્રીએ આ તકે અભિનંદન પાઠવ્યા હતા.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખભાઈ માંડવીયાએ આ પ્રસંગે તેમની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સરદાર પટેલના એકતા, ખુમારી અને સત્યના રસ્તે હિમ્મતપૂર્વક આગળ વધવાના ગુણો અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સતત પ્રેરણા પૂરી પાડશે. સાથોસાથ સરદાર પટેલના એકતાના ગુણોથી સમગ્ર સમાજ રાજ્યના વિકાસમાં સહભાગી બનશે તેવો વિશ્વાસ કેન્દ્રિત મંત્રીએ વ્યક્ત કર્યો હતો.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ તકે સમાજના વડીલોની દૂરંદેશી થકી આટલું વિશાળ શૈક્ષણિકધામ અને છાત્રાલય તૈયાર થયું છે તેના માટે સૌને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓ ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી બનાવી રાષ્ટ્રની સેવા કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.

લેઉવા પટેલ બોર્ડીંગના પ્રમુખ તરીકે વરણી થતાં ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાએ તેમની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ૬૦ વર્ષ પૂર્વે શરૂ કરાયેલું છાત્રાલય આજે વટવૃક્ષ બનીને ઉભર્યું છે. આ સંસ્થા વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે ખૂબ મહત્વની સાબિત થશે, તેમ પ્રમુખ તરીકે જવાબદારી સ્વીકારતા તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પિત થયેલ લેઉવા પટેલ બોર્ડીંગનું બિલ્ડિંગ આશરે રૂ. ૩૦ કરોડના ખર્ચે સાકાર થયું છે, જેમાં ૪૫ સ્કૂલ રૂમ્સ, ૧૧૦ હોસ્ટેલ રૂમ્સ, ઓડિટોરિયમ, લાયબ્રેરી સહિત ૨૦૦૦ વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ ઊભી કરવામાં આવી છે.

# AIUના ૩૯માં યુવા મહોત્સવમાં વી.વી.પી. એન્જીનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ વન એક્ટ તથા સ્કીટમાં પ્રથમ સ્થાને

**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા ત્રણ દાયકાથી ઈજનેરી વિદ્યાશાખામાં સૌરાષ્ટ્ર-કચ્છમાં આગવી ઓળખ ધરાવતી વી.વી.પી. ઈજનેરી કોલેજના છાત્રોએ ફરી એક વખત વીવીપીને પ્રખ્યાતિની ટોચ પર પહોંચાડેલ છે. ''રાષ્ટ્રાય સ્વાહા, ઈદમ ન મમ''ના ઉદ્દેશ સાથે વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે સતત પ્રયત્નશીલ એવી વી.વી.પી. કોલેજના વિદ્યાર્થીઓ પણ આ ઘડતરને સહર્ષ ઝીલી લે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પણ અહીં સુપેરે ધ્યાને લેવાય છે. રાષ્ટ્રીય માં વિજેતા થતા વીવીપીની યશકલગીમાં વધુ એક પીંછુ ઉમેરાયું છે.

ફેબ્રુઆરી-૨૦૨૬માં યોજાયેલ ૩૯માં પશ્ચિમ ક્ષેત્રના AIU યુવા મહોત્સવમાં વીવીપી કોલેજના ત્રણ વિદ્યાર્થીઓ શ્રુતિ ત્રિવેદી (૬ઠ્ઠુ. સેમ. ઈ.સી.), હર્ષલ પડિયા (૬ઠ્ઠુ. સેમ. આઈ.ટી.) તથા અદિતિ સોની (૮મું. સેમ. બી.ટી.) એ વન એક્ટ તથા સ્કીટમાં ભાગ લીધેલ હતો અને આ બંને પ્રતિયોગીતામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ જ બન્ને ટીમ દ્વારા માર્ચ-૨૦૨૬માં ચેન્નઈ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય AIU ૩૯માં યુવા મહોત્સવમાં ભાગ લીધેલ હતો. અહીં પણ સ્કીટમાં શ્રુતિ ત્રિવેદી તથા અદિતિ સોનીએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને મેદાન માર્યું હતું, જેમાં વન એક્ટ પ્લેનું શીર્ષક ''એક્સિડેન્ટલ ઈન્ફ્લ્યુએન્સર્સ'' તથા સ્કીટનું શીર્ષક ''એક ગધે કી આત્મ કથા'' હતું. આ બંને ''વન એક્ટ પ્લે'' તથા ''સ્કીટ'' સાર્થક વસાવડાસર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ હતા.

વીવીપી કોલેજના પ્રિન્સીપાલ ડૉ. પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ કલ્ચરલ કલબના કન્વીનર ડો. ચાર્મીબેન પટેલ, થીયેટર કલબના કો-ઓર્ડીનેટર પ્રો. અમિતભાઈ પાઠક, અન્ય કો-ઓર્ડીનેટર્સ તથા વિદ્યાર્થીઓના અભ્યાસ સાથેના અથાગ પરીશ્રમને કારણે તેઓ આ સ્તર પર વિજેતા થયા છે.

વિદ્યાર્થીઓની આ જ્વલંત સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુક્લ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણિયાર, ડો. નરેન્દ્રભાઇ દવે તથા ડો. નવીનભાઇ શેઠે શુભેચ્છાઓ પાઠવી છે.

# મોરબીમાં વ્યાજખોરોનો કહેરઃ ઊંચા વ્યાજે રૂપિયા આપી પઠાણી ઉઘરાણી કરનાર બે સામે ફરિયાદ

## મુદલ-વ્યાજ ચુકવી દીધા છતાં ધમકીઓ, આઈફોન અને કાર પડાવી લઈને ચેક રિટર્નનો કેસ કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ વિસ્તારમાં બે વ્યાજખોરો સામે ઊંચા વ્યાજે રૂપિયા આપીને પઠાણી ઉઘરાણી, ધમકીઓ અને બળજબરીપૂર્વક કાર તથા મોબાઇલ ગીરવે લેવા અંગેની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદીએ વ્યાજ-મુદ્દલ ચુકવી દીધા હોવા છતાં વધુ રૂપિયા માટે પઠાણી ઉઘરાણી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

મોરબીના ઉમા ટાઉનશીપમાં ૩૦૪ મંગલ જ્યોતિ હોમ્સ-૧ ખાતે રહેતા વેપારી અનિલભાઈ ચંદુભાઈ




જાકાસણીયાએ આરોપી ચીરાગ સંધાણી રહે. ગોલ્ડન માર્કેટ રવાપર રોડ અને આરોપી સુરેશભાઈ કાથાલાલ રાયકા રહે. મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ધંધામાં જરૂરિયાતને માટે તેમણે આરોપીઓ પાસેથી માસિક ૧૦ ટકા વ્યાજે રૂપિયા લીધા હતા. જેમાં આરોપી સુરેશભાઈ પાસેથી લીધેલા રૂ. ૧ લાખ સામે કુલ રૂ. ૨.૫૦ લાખ ચુકવી દીધા હોવા છતાં તેમના વિરુદ્ધ ચેક રિટર્નનો કેસ કર્યો હતો, જ્યારે આરોપી ચીરાગ સંધાણી પાસેથી લીધેલા રૂ. ૪ લાખ સામે રૂ. ૫.૪૦ લાખ ચુકવ્યા છતાં વધુ રકમની ઉઘરાણી કરી ધમકીઓ આપવામાં આપી ગત તા. ૦૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આરોપી ચીરાગે ફરીયાદીને બોલાવી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી અને બળજબરીપૂર્વક આઈફોન તથા હોન્ડા જાઝ કાર ગીરવે રખાવી દીધી હતી. હાલ આ સમગ્ર મામલે પોલીસે બન્ને આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ નાણા ધીરધાર અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના વાવડી રોડ ખાતે એકટીવા ઉપર વિદેશી દારૂની હેરાફેરી કરતા બે પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વાવડી રોડ ઉપર એકટીવા મોપેડમાં વિદેશી દારૂના ૧૬ નંગ ચપલા સાથે નીકળેલ બે ઈસમોને પોલીસે ઝડપી લીધા હતા. પકડાયેલ આરોપીઓની પૂછતાછમાં દારૂ આપનારનું નામ ખુલતા તેને પોલીસે ફરાર દર્શાવી દારૂ, એકટીવા સહિતનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી અનુસાર, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ ઓએટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાવડી રોડ બાપાસીતાર-ામની મઢુંલી નજીક એકટીવા રજી.નં. જીજે-૩૬-એકે-૭૯૨૯ મોપેડ ઉપર શંકાસ્પદ હાલતમાં નીકળેલ બે ઇસમોને રોકી તેની ઓએસે રહેલ પ્લાસ્ટિકની થેલીની તલાસી લેતા તેમાંથી જુબીલી સ્પેશિયલ વ્હિસ્કીના ૧૬ નંગ ચપલા કિ.રૂ.૧,૨૮૦/- મળી આવ્યા હતા. જેથી તુરંત બંને આરોપી નવઘણભાઈ રઘુભાઈ ડેડાણીયા ઉવ.૨૮ રહે. લાયન્સનગર મીરબી તથા આરોપી કિરીટભાઈ મનજીભાઈ દેત્રોજા ઉવ.૪૪ રહે. વાવડી રોડ ગાયત્રીનગર મોરબી મૂળ રહે. માણેકવાડા તા.જી.મોરબી વાળાની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે બંને આરોપીઓની સઘન પૂછપરછમાં આ દારૂ અન્ય આરોપી કારો રહે. લાતી પ્લોટ વાળા પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપતા, પોલીસે એકટીવા તથા દારૂ સહિત રૂ.૫૧,૨૮૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી જીલ્લામાં અપમૃત્યુના ચાર બનાવો નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં અલગ-અલગ સ્થળોએ ચાર અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. તેમાં બીમારી, અકસ્માત અને આત્મહત્યા જેવા બનાવોમાં ચાર વ્યક્તિ અકાળે મોતને ભેટ્યા હતા. ત્યારે સમગ્ર અપમૃત્યુ અંગે સંબંધિત પોલીસ મથકમાં પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી જીલ્લામાં ચાર અલગ અલગ અપમૃત્યુના બનાવો નોંધાતા ચકચાર મચી છે. પ્રથમ અપમૃત્યુના બનાવમાં હરેશભાઈ અમરશીભાઈ મોરડીયા ઉવ. ૫૪ રહે. રવાપર ઘુનડા રોડ લોટસ એપાર્ટમેન્ટ બી-૬ બ્લોક નં. ૧૦૧ વાળાને કેન્સરની ગંભીર બીમારી હોવાથી ગઈકાલ તા.૨૮ માર્ચે તેઓને ઘરે લોહીની ઉલ્ટી થતા તેમને સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા



હતા.

અપમૃત્યુના બીજા બનાવમાં મોરબી તાલુકાના ઘુંટુ ગામની સીમમાં પ્રાણજીવનભાઈ વનુભાઈ પટેલની વાડીમાં કામ કરતી પાર્વતીબેન મુકેશભાઈ ડામોર રહે. ઘુંટુ ગામ તા. મોરબી વાળા થ્રેસર (હલર) મશીનમાં કામ કરતી વખતે અકસ્માતે માથું ફસાઈ જતા ઘટના સ્થળે જ તેમનું કમકમાટીભર્યું મોત થયું હતું.

જ્યારે ત્રીજા અપમૃત્યુના બનાવમાં હળવદ શહેરના શીવધારા બંગ્લોઝ ખાતે રહેતા દિવ્યાબા પૃથ્વીરાજસિંહ ચૌહાણ ઉવ.૨૮ મૂળ સુસવાવ ગામ તા. હળવદ વાળાએ ઘરેલુ કારણોસર પતિ સાથે થતા મનદુઃખને કારણે પોતાના નિવાસસ્થાને રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

આ ઉપરાંત ચોથા અપમૃત્યુના બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ માળીયા(મી) તાલુકાના વેણાસર ગામની સીમમાં નાથાભાઈની વાડીમાં રહેતા રાહુલભાઈ સમીરભાઈ મોહનીયા ઉવ.૨૩ મૂળ ધાબુગામ તા. ધાનપુર જી. દાહોદ વાળાએ કોઇ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. પ્રથમ સારવાર બાદ મોરબીમાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. ત્યારે તમામ અપમૃત્યુના બનાવોમાં પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# કાલાવડ રોડ અને રૈયાધાર સ્લમ કવાર્ટરમાં સવા ત્રણ લાખના વિદેશી દારૂ સાથે બે ઝબ્બે





## ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમની કાર્યવાહી : બે સ્વીફ્ટ કારમાં ૮૪૦ બોટલ વિદેશી દારૂનો જથ્થો કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વિદેશી દારૂનું પુરજોશમાં વેચાણ થતું હોવાની ફરીયાદોના પગલે ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે પેટ્રોલિંગ સઘન બનાવતા ગઈકાલે કાલાવડ રોડ અને રૈયાધાર સ્લમ કવાર્ટરમાં બે સ્વીફ્ટ કારમાં ૮૪૦ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે બે બુટલેગરોને દબોચી લઇ સવા તેર લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી એએસઆઇ જેન્તીભાઇ ગોહિલ, આર.એન.મીયાત્રા, હેડ કોન્સ. ધર્મરાજસિંહ, શકિતસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે વિદેશી દારૂના અલગ-અલગ બે દરોડા એલસીબીની ટીમે પાડયા હતા. જેમાં પ્રથમ દરોડામાં કાલાવડ રોડ પર સૈયાજી હોટલ પાસે વામ્બે આવાસના કવાર્ટર નજીક શંકાસ્પદ રીતે નિકળેલી સ્વીફ્ટ કાર નંબર જીજે૦૩એનએફ૩૮૭૮ને અટકાવી તલાસી લેતા ૧૮૦ એમએલના ચપલા નંગ ૭૨૦ કિંમત રૂ.૧.૯૮ લાખનો દારૂનો જથ્થો મળી આવતા કારનો ચાલક જયપાલસિંહ લાલુભા વાઘેલા (રહે.પરિશ્રમ સોસાયટી, સંસ્કૃતિ પાર્ટી પ્લોટની બાજુમાં, ઇસ્કોન મંદિર પાછળ, કાલાવડ રોડ)ની ધરપકડ કરી સઘન પુછપરછ કરતા દારૂનો જથ્થો વિપુલ લાભુ મેતાનો હોવાનું કબુલાત આપતા પોલીસે વિપુલની શોધખોળ આદરી કાર સહિત રૂ.૬.૯૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

જયારે બીજા દરોડામાં એલસીબીની ટીમે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર અટલ સરોવરથી રામાપીર ચોકડી તરફ રૈયાધાર સ્લમ કવાર્ટરમાં સ્વીફ્ટ કાર નં.જીજે૦૩એમએચ૧૧૫૯ને અટકાવી તલાસી લેતા વિદેશી દારૂની ૭૫૦ એમએલની ૧૨૦ બોટલ મળી આવતા પોલીસે કારનો ચાલક હિતેષ ઉર્ફે હિતો ચંદુ વિંજુડા (રહે.ઇશ્વરીયા ગામ, તાલુકો કુતીયાણા)ની ધરપકડ કરી કાર સહિત રૂ.૬.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નંદનવન આવાસના કવાર્ટરમાં પાડોશીઓ વચ્ચે મારામારી : સામસામે ફરીયાદ

## તુ મારી સાથે શરીર સંબંધ બાંધતી નથી તેમ કહી શખ્સે દંપતી પર હુમલો કર્યો : સામા પક્ષે વાહન પાર્ક કરવા મુદ્દે મહિલા સહિત ત્રણ શખ્સોએ ઝઘડો કરી જ્ઞાતી પ્રત્યે અપમાનીત કર્યાની ફરીયાદ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાણાવટી ચોક પાસે આવેલ નંદનવન આવાસના કવાર્ટરમાં પાડોશીઓ વચ્ચે મારામારી થતા ગંભીર આક્ષેપ પ્રતિઆક્ષેપ સાથે સામસામે ફરીયાદ નોંધાયા બાદ ગાંધીગ્રામ-૨ યુની. પોલીસે બન્ને પક્ષોની ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રથમ ફરીયાદમાં કવાર્ટરમાં રહેતી ૩૯ વર્ષીય મહિલાએ ફરીયાદ નોંધાવી છે કે, તેના પતિ રીક્ષા ચલાવતા હોય અને નિત્ય ક્રમ મુજબ તેઓ રીક્ષા ઘર પાસે પાર્ક કરતા હોય ત્યારે પાડોશમાં રહેતા નટવર નાનજીભાઇ જાદવ પોતાની કાર ત્યા પાર્ક કરી હોય જે હટાવવાનું કહેતા આ શખ્સે મહિલાને કહેલ કે, કેમ તુ મારી સાથે શરીર સંબંધ બાંધતી નથી તેમ કહી ઉશ્કેરાઇ જઇ પોતાની કરીયાણાની દુકાન પાસે ભુંડી ગાળો આપી મહિલા સાથે ઝપાઝપી કરી તેણે પહેરેલ ટીશર્ટ ફાડી નાખી વાળ પકડી માર મારતા ફરીયાદ નોંધાવતા પીએસઆઇ આઇ.એ.બેલીમે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

જયારે સામાપક્ષે નટવર નાનજી જાદવે પાડોશમાં રહેતા મહિલા સહિત ત્રણ શખ્સો સામે તેની પત્ની ચંપાબેનને વાહન પાર્ક કરવા જેવી નજીવી બાબતે ઝઘડો કરી માર મારી બેડ વડે તથા તીક્ષ્ણ હથીયાર વડે હુમલો કરી ગભીર ઈજા કરી જાતિ પ્રત્યે અપમાનીત કર્યાની ફરીયાદ નોંધાવતા ઉત્તર વિભાગના એસીપી વી.બી.જાડેજાએ વધુ તપાસ હાથ ધરી છે.

# મિત્રએ મિત્રને શીશામાં ઉતર્યો : પોતાની દુબઈ સ્થિત ટ્રેડિંગ કંપનીમાં રોકાણ કરાવી ૧.૪૮ કરોડ ખંખેર્યા

## માસિક ૪ થી ૫ ટકા વળતરની લાલચ આપી મિત્રો અને સગા-સંબંધીઓ પાસેથી ઉઘરાવેલી રકમ ઓળવી ગયાઃ પિતા-પુત્ર સહિત ચાર સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા અને ગેમ ઝોનમાં નોકરી કરતા યુવકના મિત્રએ પોતે દુબઈમાં ટ્રેડિંગ કરતો હોય અને જેમાં રોકાણ કરવાથી માસિક ૪ થી ૫ ટકા વળતરની લાલચ આપી ૧,૪૮ કરોડ જેટલી રકમ ઓળવી જતાં સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો

આ અંગેની વિગતો મુજબ, મવડી પ્લોટમાં ચંદ્રેશનગરમાં રહેતો અને ગેમ ઝોનમાં નોકરી કરતો ૨૮ વર્ષીય વિરેન્દ્રસિંહ વિજયસિંહ પરમારે ક્રાઈમ બ્રાન્ચમાં આરોપી તરીકે મિત્ર સાગર અરવિદભાઈ ખુંટ, અરવિદ લાલજીભાઈ ખુંટ જ્યોત્સનાબેન અરવિદભાઈ ખુંટ અને ગૌરાંગ મનસુખભાઈ ખુંટ સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, આશરે દસ વર્ષ પહેલા ગેમ ઝોનમાં મુલાકાત દરમિયાન સાગર ખુંટ સાથે પરિચય થયો હતો.

વર્ષ ૨૦૨૩માં સાગરે ફરિયાદીને જણાવ્યું હતું કે, તે દુબઈ ખાતે મીસા ઈન્વેસ્ટમેન્ટ કન્સલ્ટનસ નામની કંપની ચલાવે છે અને ટ્રેડિંગમાં મોટો નફો મેળવે છે. જો તેમાં રોકાણ કરે તો દર મહિને ૪ થી ૫ ટકા વળતર આપવાની ખાતરી આપી હતી.

સાગરે વિશ્વાસ અપાવ્યો હતો કે રાજકોટમાં તેના પિતા અરવિદ, માતા જ્યોત્સનાબેન અને પિતરાઈ ભાઈ ગૌરાંગ ખુંટ એજન્ટ તરીકે નાણાકીય વ્યવહાર સંભાળે છે. વિરેન્દ્રસિહે પ્રથમ તબક્કે ૯ લાખનું રોકાણ કર્યું હતું, જેની સામે સાગરે એક મહિના પછી ૪૫,૦૦૦ વળતર તરીકે ચૂકવ્યા હતા. આ વિશ્વાસના જોરે ફરિયાદીએ પોતાના ભાઈ, મિત્રો અને સગા-વ્હાલાઓ પાસેથી નાણાં મેળવી અલગ-અલગ સમયે બેંક ટ્રાન્સફર અને રોકડા મળી કુલ ૧.૭૪ કરોડ જેટલી માતબર રકમ સાગર અને તેના પરિવારને રોકાણ અર્થે આપી હતી.

આ કૌભાંડમાં ફરિયાદીના મિત્રો માર્મિક આહ્યા, ધર્મિલ પાંભર અને કેવલ મેનપરાએ પણ લાખોનું રોકાણ કર્યું હતું. આરોપીઓએ શરૂઆતમાં ટુકડે-ટુકડે ૨૬.૭૭ લાખ જેટલું વળતર ચૂકવી રોકાણકારોનો વિશ્વાસ જીત્યો હતો, પરંતુ ત્યારબાદ મુદ્દલ રકમ કે વળતર આપવાનું બંધ કરી દીધું હતું. અંતે, પોતાની મુડી પરત ન મળતા અને આરોપીઓ દ્વારા સંતોષકારક જવાબ ન મળતા છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

આરોપી અને તેનો પરિવાર આમ જુદા-જુદા લોકો પાસેથી કુલ રૂપિયા ૧.૪૮ કરોડ ઓળવી ગયા હતા. બનાવ અંગે ક્રાઈમ બ્રાન્ચે પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે અને આગળની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# રાજકોટમાં કાલાવડ રોડ પર કાર હડફેટે હેલ્થ કેર કંપનીના મેનેજરનું કરૂણ મોત

## મૃતક જીવરાજ પાર્ક સ્થિત પોતાના ઘરેથી નોકરી પર જવા બાઈક પર જતા હતા ત્યારે પુરપાટ ઝડપે આવેલી કારે અકસ્માત સર્જયો



રાજકોટમાં આજે વહેલી કાર હડફેટે હેલ્થ કેર કંપનીના મેનેજર સંજયભાઈ કાલરીયાનું મોત નીપજ્યું હતું. મૃતક જીવરાજ પાર્ક સ્થિત પોતાના ઘરેથી નોકરી પર જવા બાઈક પર જતા હતા ત્યારે પુરપાટ ઝડપે આવેલી કારે અકસ્માત સર્જયો હતો. આ અંગે મળતી વિગત અનુસાર, સંજયભાઈ સવજીભાઈ કાલરીયા (ઉંમર વર્ષ ૬૫, રહે. ફ્લોરા નેસ્ટ જીવરાજ પાર્ક, રાજકોટ) આજે સવારે ૮ વાગ્યા આસપાસ પોતાનું બાઈક લઈને જતા હતા. ત્યારે મવડી કણકોટ રોડ પર હીલસ્ટોન અરીસ્ટો આગળ ગણેશ ચોકમાં પુરપાટ ઝડપે આવેલી કારે બાઈકને હડફેટે લીધું હતું. જેમાં સંજયભાઈને ગંભીર ઈજા થઈ હતી. તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ડોક્ટરે જોઈ તપાસીને સંજયભાઈને મૃત જાહેર કર્યા હતા. પરિવારજનોએ જણાવ્યું કે સંજયભાઈ પાન હેલ્થ કેર કંપનીમાં મેનેજર હતા. તેઓ સવારે ઘરેથી પોતાની નોકરી ઉપર જવા માટે બાઈક લઈને નીકળ્યા હતા. ત્યારે ગણેશ ચોકમાં પુરપાટ ઝડપે આવેલી કાર્ય તેમને હડફેટે લીધા હતા. તેઓને સંતાનમાં ૨ દીકરી અને ૧ દીકરો છે. સંતાનો એ પિતાની છત્ર છાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો હતો.

# રાષ્ટ્રીય શાળામાં બે સગીરો સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરનાર બે ઝડપાયા

## ૩ મહિના સુધી કુકર્મ આચરી વીડિયો બનાવ્યાનો ખુલાસો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિદ્યાનગર રોડ પર રાષ્ટ્રીય શાળાના સંકુલમાં કામ કરતા બે સગીરો સાથે બે શખસોએ સતત ત્રણ મહિના સુધી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હોવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. પોલીસે કુકર્મ આચરનારા બે શખસોને ઝડપી પાડયા છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ, ભોગ બનનાર બંને સગીરો રાષ્ટ્રીય શાળાના પરિસરમાં મજૂરી કામ કરતા હતા. આ દરમિયાન તેઓ સંદીપ વિનોદભાઈ કણસાગરા ઉર્ફે લાલા પટેલ અને જયેશ પ્રાણભાઈ મજેઠિયા નામના શખ્સોના સંપર્કમાં આવ્યા હતા. આરોપીઓએ આ માસૂમ સગીરોને ખાવા-પીવાની લાલચ આપી હતી અને ત્યારબાદ પરિસરમાં આવેલી રૂમમાં લઈ જઈ અવારનવાર સૃષ્ટિવિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓ છેલ્લા ૩ મહિના કરતા વધુ સમયથી સગીરોનું શારીરિક શોષણ કરી રહ્યા હતા. આરોપીઓ માત્ર શોષણ કરીને જ અટક્યા નહીં, પરંતુ તેઓ બંને સગીરોને ડરાવી-ધમકાવીને ચૂપ રાખતા હતા. સગીરોએ પોલીસ સમક્ષ કેફિયત આપી કે આરોપીઓ વારંવાર એવી ધમકી આપતા હતા કે, જો આ વાત કોઈને કહેશો તો જાનથી મારી નાખીશું. આ ડરના છાયામાં સગીરો લાંબા સમય સુધી આ નરક જેવી યાતના સહન કરતા હતા. આ દરમિયાન આરોપીઓએ પોતાના કુકર્મનો વીડિયો પણ બનાવ્યો હતો, જે હવે પોલીસના હાથમાં આવ્યો છે. આ વીડિયો આ કેસમાં સૌથી મહત્વનો ટેકનિકલ પુરાવો સાબિત થશે.

# આફ્રિકા કોલોનીમાં ફ્લેટના દસ્તાવેજ અને સાટાખતના વિવાદમાં શખ્સે ધમાલ મચાવી ધમકી આપી

## ''કામ બંધ કરો, નહિતર તમને બધાને મારી નાખીને ફાંસીએ ચડી જઈશ' : ગાંધીગ્રામ પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવા કરી કાર્યવાહી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે આવેલી આફ્રિકા કોલોનીમાં ફ્લેટના વેચાણ દસ્તાવેજ અને સાટાખતના વિવાદમાં આરોપી શખસે દંપતીના ઘરે જઈને ધમાલ મચાવીને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ કરતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ અંગેની વિગતો મુજબ, રાજશક્તિ એપાર્ટમેન્ટમાં રહેતા અને વિસામણ ફિનટેક પ્રા. લિ.માં નોકરી કરતા રોહિતસિંહ રાઘવભાઈ ડોડીયાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં દોલતસિંહ મોહનભાઈ ડોડીયા સામે ફરિયાદ નોંધાવી હતી જેમાં તેને ફ્લેટ વેચવા માટે તેમણે તે જ બિલ્ડિંગમાં રહેતા આરોપી દોલતસિંહ ડોડીયા સાથે ગત તા. ૦૬/૧૦/૨૦૨૫ના રોજ રૂ.૧૭ લાખમાં સાટાખત કર્યો હતો. કરાર મુજબ દોલતસિંહે રૂ.૧૦ હજાર આપ્યા હતા અને બાકીની રકમ ૬૦ દિવસમાં ચૂકવવાની હતી. કરારમાં સ્પષ્ટ ઉલ્લેખ હતો કે જો સમયસર રકમ ન ચૂકવાય તો સાટાખત આપોઆપ રદ ગણાશે.

દોલતસિંહે બાકીની રકમ ન ચૂકવતા કરાર રદ થયો હતો. જે બાદ રવિવારે સવારે જ્યારે ફ્લેટ નં. ૫૦૧માં ફર્નિચરનું કામ ચાલતું હતું ત્યારે દોલતસિંહ ત્યાં ધસી આવીને અહીં કામ કરતા પ્રમોદભાઈ શર્મા તથા અન્ય કારીગરોને ''આ મારો ફ્લેટ છે, અહીં કામ કરવાનું નથી'' તેમ કહી ધમકાવ્યા હતા. રોહિતસિંહ અને તેમના પત્ની ત્યાં પહોંચતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ''બધું કામ બંધ કરો, નહીંતર તમને બધાને મારી નાખીને પોતે ફાંસીએ ચડી જઈશ'' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ધોરાજીમાં ઘવાયેલા યુવાનનું મોત થતાં બનાવ હત્યામાં પલટાયો

## કોળી સમાજના લોકોએ રેલી કાઢી હત્યામાં સામેલ તમામ આરોપીઓ સામે કડક પગલાં ભરવા કરી માગણીઃ બે આરોપીઓ સામે ગુનો નોંધ્યો



**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી જામકંડોરણા ચોકડી પાસે આવેલ આઈટીઆઈ પર કોળી હથિયાર વડે હુમલો થયેલ જે ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજતા હુમલા નોં બનાવ હત્યામાં ફેરવાયો છે.

હત્યાના મામલે ધોરાજી ખાતે કોળી સમાજના લોકો એકત્રિત થઈ રેલી સ્વરૂપે ધોરાજી પોલીસ વિભાગીય કચેરી ખાતે પહોંચી મૌખિક અને આવેદનપત્ર આપી હત્યામાં સામેલ તમામ આરોપીઓ સામે કાર્યવાહી કરવા માગણી ઉચ્ચારી હતી. અને કોળી સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે હત્યામાં જેટલા ઈસમો ની સંડોવી હોય એ તમામની સામે કાર્યવાહી કરવા તેમજ આરોપીઓનું વરઘોડો કાઢવા માગણી ઉચ્ચારી હતી. પોલીસે દાખલ કરેલ ફરિયાદમાં ગુનેગારોના નામ અને કુલ આરોપીઓ મામલે યોગ્ય કાર્યવાહી કરવા ડીવાયએસપી સિમરન ભારદ્વાજ સમક્ષ માગણી કરાઈ હતી. બે આરોપીઓ સામે હત્યા અંગેની કલમો નોંધી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ધોરાજી પોલીસ ને મૃતકના કાકા પરેશભાઈ બારૈયા એ ફરિયાદ આપી હતી જે ફરિયાદમાં જણાવેલ કે ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં શાકભાજી ની પેઢી ધરાવતા હોય ત્યારે વેપારીઓને પૈસા ની લેવડદેવડ કરવા માટે પીઆર આંગડિયા માં વેપારીને ચાર લાખ આપવાના હતા જે આંગળીયા પેઢી આપેલા હતા તે પૈકીની અમુક રકમ બાકી હોય જેને લઈ પીઆર આંગડિયાના ભગીરથસિંહ જેઠવા પૈસાની ઉઘરાણી બાબતે માર્કેટિંગ યાર્ડ પેઢી ખાતે આવેલ અને ત્યાં ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી પૈસાની ચુકવણી કરી આપવા જણાવ્યું હતું ત્યારબાદ ફરી સોજના સમયે આરોપીના ફોન આવેલ અને મારા દીકરા વિવેક અને પેઢીમાં અન્ય કનુભાઈને ધમકી આપેલ અને ધોરાજી આઈટીઆઈ પાસે બોલાવેલ જેથી મારો પુત્ર વિવેક ભત્રીજો હિમાલય અને કુટુંબી ભાઈ કેશુભાઈ ત્યાં પહોંચ્યા હતા, જ્યાં ભગીરથસિહ જેઠવા રહેવાસી પોરબંદર અને મહિપતસિહ જેઠવા રહેવાસી પોરબંદર બંને લોકોએ મારા પુત્રને લાકડી વડે માર મારી બ્રેઝા ગાડીમાં તેમના હસ્તક રહેલ કુહાડી કાઢી ભત્રીજા હિમાલયના ગળાના ભાગે તીક્ષ્ણ ઘા મારતા તે તે ઘટના સ્થળે પડી ગયેલ જ્યારે બાકીના કુટુંબીજનોને ઈજા થવા પામી હતી આ દરમિયાન ફરિયાદી ત્યાં પહોંચતા ચાર જેટલા ઈસમો ત્યાં ગાડી છોડી નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત ભત્રીજા હિમાલય હરેશભાઈ બારૈયા ને પ્રથમ ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડેલ જ્યાં તેમની સ્થિતિ અત્યંત નાજુક હોવાથી જુનાગઢ વધુ સારવ-ાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. ધોરાજી પોલીસે ફરિયાદીની ફરિયાદ નોંધી પોરબંદરના રહીશ અને પી.આર.આંગડિયા ના ભગીરથ સિંહ જેઠવા અને મહિપતસિંહ જેઠવા બંને સામે હત્યાનો ગુનો નોંધી બંને આરોપીઓની અટકાયત કરી લીધી હતી. ફરિયાદીએ જણાવ્યા મુજબ આરોપી ભગીરથસિહ જેઠવા એ કુહાડી દ્વારા હુમલો કર્યો હતો અને આરોપી મહિપતસિહ એ લાકડીઓ વડે ઇજા પહોંચાડી હતી તેમ જણાવ્યું હતું. ધોરાજી કોળી સમાજના યુવકનું હત્યામાં મૃત્યુ નીપજતા કોળી સમાજમાં ભારે આક્રોશ અને શોકની લાગણી વ્યાપી જવા પામી છે.

# સામા કાંઠે આતંક મચાવનાર ઈભલા ગેંગ સામે ગુજસીટોક

## ૬ આરોપી પોલીસના સકંજામાં, ફરાર ત્રણની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષોથી આતંક મચાવતી અને નિર્દોષ નાગરિકોને શિકાર બનાવતી કુખ્યાત 'ઈભલા ગેંગ સામે પોલીસે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કર્યો છે. ગેંગના સૂત્રધાર સહિતનાં બે હાલ જેલમાં છે. જ્યારે અન્ય ચાર સાગરીતોને પોલીસે ઝડપી પાડ્યા છે.

રાજકોટ ક્રાઈમ બ્રાંચ દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. તેમજ રાજકોટમાંથી ગુંડારાજનો સફાયો કરવા માટે આગામી દિવસોમાં વધુ ૩ ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવાનાં નિર્દેશ પોલીસે આપ્યા છે. પોલીસની આ કાર્યવાહીથી શહેરના ગુનાખોરી આચરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

રાજકોટના બી-ડિવિઝન વિસ્તારમાં સક્રિય એવી આ ગેંગનો મુખ્ય સૂત્રધાર ઈબ્રાહિમ ઉર્ફે ઈભલો છે. આ ગેંગના સાગરીતો પોતાની ધાક જમાવવા માટે લાંબા સમયથી ગંભીર ગુનાઓ આચરતા હતા. પોલીસ રેકોર્ડ મુજબ, આ ગેંગ વિરુદ્ધ અત્યાર સુધીમાં કુલ ૮૯ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ ગેંગના સભ્યો દ્વારા આચરવામાં આવેલા મુખ્ય ગુનાઓમાં હત્યાની કોશિશ ૪ ગુના, લૂંટ અને અપહરણનાં ૫ ગુના, રાયોટિંગ (ગે.કા. મંડળી)નાં ૧૧ ગુના, છેડતીનો ૧ ગુનો, મારામારીનાં ૨૯ ગુના ઉપરાંત અન્ય એટ્રોસીટી એક્ટ, પ્રોહિબિશન (દારૂ), જુગાર અને આર્મ્સ એક્ટ (ગેરકાયદે હથિયાર) હેઠળના પણ અનેક ગુનાઓ આ ગેંગના નામે નોંધાયેલા છે.

ક્રાઈમ બ્રાંચે ગેંગના કુલ ૭સાગરીતો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. જેમાંથી ગેંગ લીડર ઈબ્રાહિમ ફેં ઈભલો કાથરોટિયા અને જાવેદ ઉર્ફે જાવલો કાથરોટિયા હાલમાં જેલમાં છે, જેનો કબજો મેળવવાની તજવીજ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવશે. જ્યારે અન્ય ૪ મુખ્ય સાગરીતોને ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં સલીમ ઉર્ફે સલીયો કાથરોટિયા, મહેબૂબ ઉર્ફે મેબલો કાથરોટિયા, અશરફ કાથરોટીયા અને લખન કમેજડિયાનો સમાવેશ થાય છે.

# પડધરીના ખોડાપીપર ગામે દીકરીને ત્રાસ આપવાના મામલે સસરા-સાળા દ્વારા જમાઈની કરપીણ હત્યા

## હત્યા બાદ લાશ દોઢ કિલોમીટર દૂર ફેંકી દેવાઇ, મૃતક યુવકની પત્નીને પણ ધમકી આપી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી નજીક ખોડાપીપર ગામની સીમમાં કપાસના ખેતરમાંથી શ્રમિકની કોહવાયેલી લાશ મળી હતી. જેમાં ફોરેન્સીક રિપોર્ટમાં હત્યા થયાનો ઘટસ્ફોટ થતા અંગે પડધરી પોલીસે તપાસ કરતા ખુલાસો થયો હતો કે નશાની હાલતમાં પત્નીને અવારનવાર કામ અને પૈસા બાબાતે ત્રાસ આપતા જમાઈને તેના સસરા અને સાળાએ ધોકાના ઘા ઝીંકી તેની હત્યા કરી દીધી હતી અને બાદ પુરાવાનો નાશ કરવા માટે બંનેએ મૃતદેહને ૧.૫૦ કિમી દૂર ફેંકી દીધો હતો. તેમજ આ વાત કોઈને કહેશે તો પુત્રીને પણ મારી નાખવાની ધમકી આપ્યાનું બહાર આવતા પોલીસે સસરા,સાળા અને લાશ ફેકવામાં મદદ કરનાર સહીત ત્રણ સામે હત્યા સહીતનો ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પડધરી પાસેના ખોડાપીપરની સીમમાં જગદીશભાઈ હાપલીયાની વાડીએ ખેતમજૂરી કરતા માલસિંગભાઈ શેકડીયાભાઈ દહેદિયા (ઉ.વ. ૩૫) ગત શનિવારથી ગુમ હતા. દરમિયાન શનિવારે સવારે ખોડાપીપર અને સાવલી વચ્ચે આવેલી એક વાડીમાંથી તેમની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. પોલીસે લાશનું હત્યાની શંકાએ ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરાવતા યુવકની હત્યા થયાનો ઘટસ્ફોટ થયો હતો. બનાવને પગલે પીઆઈ એસ. એન. પરમાર સહીતે તપાસ શરૂ કરી હતી. શંકાના આધારે મૃતક માલસિંગના સસરા વેરસીંગ અને સાળા રમેશ વેરસીંગ તેમજ બાજુની વાડીમાં મજુરી કામ કરતા ધર્મેશ પધમભાઈ ચીકલગુરીયાને ઉઠાવી લઈ આકરી પુછતાછ કરી હતી. પોલીસની તપાસમાં મૃતક યુવક અવાર નવાર તેની પત્નીને દારૂ પી કામ બાબતે અને ઘરખર્ચના પૈસા બાબતે ઝઘડાઓ કરી હેરાન કરતો હોય તા.૨૩ના રોજ રૂ.બે હજાર બાબતે તેની પત્ની કરમાબેન સાથે ઝઘડો કરતો હોય સસરા વેરસીંગ અને સાળો રમેશએ ધસી આવ્યા હતા અને ધોકા વડે હુમલો કરી ઢીમ ઢાળી દિધુ હતુ. બાદમાં પાડોશની વાડીમાં કામ કરતા ધર્મેશને બોલાવી ત્રણેય શખસોએ લાશને દોઢ કીલોમીટર બીજી વાડીમાં ફેંકી આવ્યાનું અને મૃતકની પત્નીને આ વાત કોઈને કહીશ તો તને પણ મારી નાખશુ કહી ધમકી આપી હોવાનુ બહાર આવતા પોલીસે મૃતકના પિતા શેકડીયા નાક્યાભાઈ દેહકીયાની ફરીયાદ ઉપરથી હત્યા સહીતનો ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરી હતી.